# B.COM. SEM -5

## ભારતીય અર્થતંત્રની સમસ્યાઓ

## અભ્યાસક્રમ

| | |
|---|---|
| યુનિટ – ૧ | આયોજનનો ખ્યાલ – ભારતની આયોજનની વ્યૂહરચના – આયોજનની સિધ્ધિઓ અને મર્યાદાઓ – ભારતના આયોજનના બોધપાઠો . |
| યુનિટ – ૨ | ભારતમાં આર્થિક સુધારા – ભારતની ઔદ્યોગિક અને ખેત વિષયક નીતિઓ – ભારતની ટેકનિકલ નીતિ. |
| યુનિટ – ૩ | ભારતમાં સમવાય નાણાતંત્ર ની બંધારણીય જોગવાઓ – કેન્દ્ર અને રાજ્યના નાણાકીય સંબંધો અંગેના પ્રશ્નો –છેલ્લા નાણાપંચનો અહેવાલ. |
| યુનિટ – ૪ | ભારતમાં ભાવ વધારાની સમસ્યા – કારણો – અસરો – ઉપાયો. |

# યુનિટ -૧
# આયોજન (planning)

## (1) આયોજનનો અર્થ, હેતુઓ ,લાક્ષણિકતો અને મહત્વ – ( Planning: Meaning, Objectives and characterstics)

(૧)પ્રસ્તાવના – ૧૯૩૮ માં જવાહરલાલ નહેરુ દ્વારા “ રાષ્ટ્રીય આયોજન કમિટીની રચના – જેણે આયોજન અંગેની માહિતી એકત્રિત કરી - ૮ ઉદ્યોગપતિયો દ્વારા – ‘ બોમ્બે પ્લાન ‘ , એમ. એન.રોય દ્વારા ‘ જનતા યોજના’ એસ. એન. અગ્રવાલના ‘ ગાંધી પ્લાન’ હતા. - ૧૯૫૦ માં આયોજન પંચની રચના – ૧૯૫૦-૫૧ માં પ્રથમ પંચવર્ષીય યોજના અમલમાં- હાલમાં ૨૦૧૭-૨૨ ના સમયગાળામાં તેરમી યોજના અમલમાં છે.

(૨) આયોજનનો અર્થ –

- પ્રો. રબિન્સના મતમુજબ – “ ઉત્પાદન પર એક યા બીજા પ્રકારનો સરકારી અંકુશ એટલે આયોજન “
- પ્રો. ડીકિન્સનના મત મુજબ – “ આર્થિક આયોજન એટલે સમગ્ર અર્થવ્યવસ્થાની સર્વગ્રાહી મોજણીને આધારે નિશ્ચિત સતા દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણયો : શું , કેટલું, કેવી રીતે , ક્યારે અને ક્યાં ઉત્પાદન કરવું અને તેની વહેચણી કોને કરવી?
- પ્રો. એમ. એલ. શેઠના મત મુજબ “ યોગ્ય રીતે નક્કી કરેલાં ધ્યેયોને નિશ્ચિત સમયમાં હાંસલ કરવાની દ્રષ્ટિથી રાજ્ય દ્વારા આર્થિક પ્રવૃતિની શરૂઆત અને તેના પરના અંકુશો અને નિયંત્રણો એટલે આર્થિક આયોજન”
- પ્રો. ટંડનના મતે “ જયારે પૂર્વનિર્ધારિત હેતુઓ સિદ્ધ કરવા માટે રાષ્ટ્રનાં આર્થિક સાધનોની બુદ્ધિપૂર્વક ફાળવણી થાય છે. ત્યારે તેને આર્થિક આયોજન કહે છે.તેનો સંદર્ભ હંમેશા રાજ્ય સાથે હોય છે.”

- “ભવિષ્યમાં શું સિદ્ધ કરવાનું છે, કેવી રીતે , કેટલા પ્રમાણમાં કેટલા સમયમાં સિદ્ધ કરવાનું છે. વગેરે બાબતોને ધ્યાનમાં રાખી, વિવિધ વિકલ્પોની વિચારણા કર્યા પછી ,તેમાંથી શ્રેષ્ઠ વિકલ્પ પસંદગી કરીને યોજના તૈયાર કરવામાં આવે તેને સામાન્ય પરીભાષામાં આયોજન કહેવામાં આવે છે.”

## (3 ) ભારતમાં આયોજનના હેતુઓ(ધ્યેયો)

(1) આર્થિક વિકાસ –દેશની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો કરવો.

(2) આર્થિક સ્વાવલંબન – અન્ય દેશો પરની આધારિતતા જેવી કે અનાજની આયત,મૂડીગત વસ્તુઓ , મૂડીરોકાણના દરને જાળવવા માટે વિદેશી સહાય વગેરે ઘટાડવા માટે સ્વાવલંબનો હેતુ .

(3) પર્ણ રોજગારી= દેશમાં શક્ય તેટલી રીજ્ગરીની તકોનું સર્જન કરવું. જેથી મહત્તમ ઉત્પાદન પ્રાપ્ત થય અને આર્થિક – સામાજિક સમસ્યાઓનું નિવારણ થાય.

(૪) સામાજિક ન્યાય - આવક અને સંપતિની અસમાનતા ઘટાડવી ,સમાનતા અને ન્યાયના ધોરણ સમાજવાદી સમાજની રચના કરવી,જેમાં શોષણનો અને ગરીબાઈનું નિવારણ થયેલું હોય.

(૫)આધુનીકરણ – આધુનિકરણ એટલે ટેકનોલોજિકલ પરિવર્તનો જેથી ખેતીક્ષેત્ર, ઉદ્યોગ તથા સેવાઓના ક્ષેત્રમાં ઉત્પાદકતા તેમજ ઉત્પાદનમાં ધરખમ વધારો થઈ શકે.

## (૪) ભારતીય આયોજનની લાક્ષણિકતાઓ –

(૧) સૂચનાત્મક(મરજિયાત) છે –જાહેર અને ખાનગી ક્ષેત્ર ઉપર કોઈ કાયદાકીય બંધન નથી.આયોજનના લક્ષાંકો સિદ્ધ કરવા કોઈ દબાણ કે ફરજીયાતપણું નથી.

(૨) નિર્ણયોનું વિકેન્દ્રીકરણ – આર્થિક બાબતોમાં નિર્ણય કોઈ નિયત્રણ કાર્યાલય દ્વારા લેવાતા નથી. બજારમાં ઘણા બધાં પસંદગીના વિકલ્પો પુરા પાડવામાં આવે છે.

(૩) વિકાસલક્ષી આયોજન – દેશની આર્થિક ઉત્પાદન શક્તિ વિકસે તે રીતે સાધનોની ફાળવણી થાય તેવા પ્રયત્નો કરે છે.

(૪) ખાનગી અને જાહેરક્ષેત્ર વચ્ચે સંતુલન – ૧૯૯૦ સુધી ખાનગી ક્ષેત્ર કરતાં જાહેરક્ષેત્ર ઉપર વધુ ભાર મુકાયો હતો. પરંતુ ૧૯૯૧ના આર્થિક સુધારાના અમલ બાદ ખાનગી ક્ષેત્રના મહત્વનો સ્વીકાર.

(૫) નિયંત્રણાત્મક પગલાં – કેટલીક પ્રવૃત્તિ પર નિયંત્રણ અને કેટલીક પ્રવૃતિઓને પ્રોત્સાહન .સામાજિક કલ્યાણને ધ્યાનમાં રાખી ભાવ સ્થિરતા જાળવવી, આયાત નિકાસ નિયંત્રણ નીતિ અમલમાં મુકવી.

(૬) ઝડપી આર્થિક વિકાસ – ખેતી, ઉદ્યોગ, સેવા ક્ષેત્રનો ઝડપી વિકાસ સાંધી રાષ્ટ્રીની વાસ્તવિક આવક અને માથાદીઠ આવકમાં વધારો લાવી અપેક્ષિત આયુષ્ય મર્યાદા વધારવા અને બળ મૃત્યુદર ઘટાડવાનો રહ્યો છે.

(૭) રોજગારીમાં વધારો –મુખ્ય પ્રશ્ન બેરોજગારી અને અર્ધ બેરોજગારીની સમસ્યા હલ કરવાનો છે.

(૮) આર્થિક આયોજન અને સામાજિક ન્યાય – આવક અને સંપતિની અસમાનતા ઘટે અને સામાજની દરેક વ્યક્તિને સરખી તકો શિક્ષણ અને રોજગારીમાં પ્રાપ્ત થઈ શકે તે દિશામાં વિવિધ પગલાં લેવાય છે.

## (૫) આર્થિક આયોજનનું મહત્વ –

(1) ઝડપી આર્થિક વિકાસ – અર્થતંત્રને મૂડીરોકાણનો મોટો ડોઝ આપીને મોટા ધક્કાનો વ્યૂહ અપનાવવા માટે આયોજન ઉપયોગી છે. મોટા ધક્કાના વ્યૂહ દ્વારા અલ્પવિકાસનું વિષચક્ર તોડી શકાય

(2) વિશિષ્ટ સામાજિક – આર્થિક પ્રશ્નો ઉકેલવા – દરેક દેશમાં કેટલાક વિશિષ્ટ સામાજિક અને આર્થિક પ્રશ્નો હોય છે. જો આ પ્રશ્નો હલ કરવા હોય તો આર્થિક આયોજન ઉપયોગી પુરવાર થાય છે.

(3) બજારતંત્રની મર્યાદાઓથી અર્થતંત્રને મુક્ત રાખવા- આર્થિક આયોજનને સફળ બનાવવા માટે દેશનાં મુખ્ય આર્થિક સાધનો પર રાજ્યનો કાબૂ હોય છે. રાજ્ય સાધનોની ફાળવણીના નિર્ણયો લે છે.

## (૨) આયોજનની વ્યૂહરચના –(Strategy of Planning )

(1) પ્રસ્તાવના- રાષ્ટ્ર પહેલા ધ્યેયો નક્કી કરે છે. અને બાદમાં તેની પ્રાપ્તિ માટે વ્યૂહરચના નક્કી કરે છે.

- ચાઈનાએ ૧૯૮૦થી વૈશ્વિક બજારનો લાભ લઇ શકાય તેવી વ્યૂહરચના અપનાવી
- ૧૯૯૦ ભરતમાં ખાનગીક્ષેત્રને વધુ મહત્વ આપતી આયોજનની વ્યૂહરચના અમલમાં

(૨) આયોજનની વ્યૂહરચનાનો અર્થ –

" આર્થિક આયોજનની વ્યૂહરચના એટલે આર્થિક વિકાસને લગતાં લક્ષ્યાંકો અને હેતુઓ સિદ્ધ કરવા માટે નીતીવિષયક સાધનોને કામે લગાડવાની સરકારની અથવા આયોજન પંચની પ્રવૃત્તિ "

- અમુક ચોક્કસ હેતુઓ, નિશ્ચિત સમયમાં સિદ્ધ કરવા માટે પ્રાપ્ત સાધનોને અમુક ચોક્કસ ઢબે ઈરાદાપૂર્વક ગોઠવવામાં આવે તો તે વ્યૂહરચના છે.
- સામાન્ય રીતે કોઈ પણ દેશ આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે ક્યારે અને કેવા પ્રકારની નીતિ ઘડવી તેને વ્યૂહરચના કહેવાય છે.

-શ્રી જે.જે. અંજારિયા મતે આયોજનની વ્યૂહરચના મુખ્ય પાંચ અંગો

(1) યોજનાનું કદ- નિશ્ચિત ધ્યેયો સિદ્ધ કરવા કુલ કેટલું મૂડીરોકાણ કરવું પડશે તે નક્કી કરાય છે.

(2) મૂડીરોકાણની ઢબ – અર્થતંત્રના વિવિધ ક્ષેત્રે કેટલું મૂડીરોકાણ ફાળવવું તેની વ્યહ્રચના ઘડવામાં આવે છે.

(3) સાધનો ગતિશીલ કરવાની ટેકનીક – દેશની બચતો કઈ રીતે વધારવી તથા વિકાસ તરફ વાળવી અને બચતો નો મૂડી સર્જનમાં ઇષ્ટત્તમ ઉપયોગ કઈ રીતે કરવો તેની વ્યૂહરચના ગોઠવવી પડે છે.

(4) યોજના માટેની નીતિ- નિશ્ચિત લક્ષ્યાંકો સિદ્ધ કરવા ક્યાં પ્રકારની નાણાકીય, રાજકોષીય કે વહીવટી નીતિ અમલમાં મુકવી તે અંગે વિચારવું પડે છે.

(5) વિદેશી મૂડી અંગેની નીતિ – વિદેશી મુડીને આવકારવી કે કેમ? કેટલા પ્રમાણમાં  અને ક્યાં ક્ષેત્રમાં આવકારવી તે નક્કી કરવું પડે છે.

(3 ) આયોજનની વ્યૂહરચના સિધ્ધાંતો –

(1) મોટા ધક્કાની વ્યૂહરચના( Big Push Theory) – પ્રો. રોઝેસ્ટીન રોડન અને પ્રો. હાર્વે લેબેન્ટીઈ ને વિકસતા દેશો માટે મોટા ધક્કાની વ્યૂહરચના અપનાવવા સૂચવ્યું છે.

(અ) સામાજિક માથાદીઠ મૂડીરોકાણ

(બ) બજારની અવિભાજ્યતા

(ક) બચતની અવિભાજ્યતા

(૨) સમતોલ વિકાસની વ્યૂહરચના (Balance Growth Theroy) – પ્રો. નર્કસના મતે વિકસતા દેશોમાં આર્થિક વિકાસને ગીરીબાઈનું વિષચક્ર અને બજારનું વિષચક્ર નડતું હોવાથી, એકાદ ઉદ્યોગનો વિકાસ કરવો શક્ય નથી. આથી સમતોલ વિકાસના ખ્યાલ મુજબ એક સાથે અનેક ઉદ્યોગો શરુ કરવા જોઈએ. આ ઉપરાંત તેઓ સમતોલિત વિકાસની વ્યૂહ રચના અપનાવવા સૂચવે છે.

મર્યાદા – (અ) અલ્પવિકસિત દેશોમાં મૂડીની અછત હોવાથી મૂડીરોકાણ એકબીજામાં પુરક નહી પણ હરીફ બને.

(બ) સમતોલ વિકાસ માટે જરૂરી મૂડી વ્યાજબી દરે ,પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થવી જોઈએ પરંતુ બધી શરતોનું પાલન શક્ય નથી.

(૩) અસમતોલ વિકાસની વ્યૂહરચના( Therory of Unbalance Growth) – પ્રો. હર્ષમેનના મતે “ અગાઉથી નક્કી કરેલી વ્યૂહરચના પ્રમાણે અર્થતંત્રનું ઈરાદાપૂર્વકનું અસમતુલન જ આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાનો ઉત્તમ માર્ગ છે.”

અલ્પવિકસિત દેશે Back Ward અને Forward Effect જે ઉદ્યોગોની સૌથી વધુ હોય તે પસંદ કરી વિકસાવવા જોઈએ. જેથી અન્ય સાથે સંલાયેલા ઉદ્યોગો આપોઆપ વિકસશે.

## (3) ભારતમાં આર્થિક આયોજનનું સ્વરૂપ –

(1) લોકશાહી આયોજન – લોકકલ્યાણ એનો મુખ્ય ઉદેશ હોય છે. કેન્દ્રીય યોજના રાજ્યની યોજનાઓને આધરે અને રાજ્યની યોજનાઓ જિલ્લા અને ગામડાંની યોજનાને આધારે ઘડવામાં આવે છે.

(૨)નાણાકીય આયોજન – નાણાકીય આયોજનમાં ઉદેશો, લક્ષ્યાંકો, બચત, રોકાણ અને ઉત્પાદન વગેરે નાણાના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. યોજનાનો કુલ ખર્ચ નક્કી કર્યા પછી આ ખર્ચને પહોંચી વળવા માટે કેટલું નાણું ક્યાં માર્ગો દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે તે દર્શાવામાં આવે છે.

(૩) ભૌતિક આયોજન – ઉદેશો અને લક્ષ્યાંકો ભૌતિક સ્વરૂપમાં દર્શાવામાં આવે છે. ઉત્પાદનના લક્ષ્યાંકો ટનમાં , અને રોજગારીનો લક્ષ્યાંક માનવદિવસમાં દર્શાવામાં આવે છે.

(૪) નિર્દેશો આપતું આયોજન – ૧૯૯૧ પછી ભારતમાં આયોજનના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું આઠમી યોજના સુધી ભારતનું આયોજન કેન્દ્રીય આયોજન હતું. હવે ઉદારીકરણ નીતિ હેઠળ આયોજન કરવામાં આવે છે.

(૫) બજાર સાથે મિત્રતા – જેમાં આર્થિક નિર્ણયો બજારતંત્રદ્વારા લેવાય છે. પરંતુ સરકાર રાજકોષીય નીતિનને નાણાકીય નીતિ દ્વારા નિર્ણયોને પ્રભવિત કરવાની કોશિશ કરશે.જેથી આયોજનના ઉદેશો સિદ્ધ કસરી શકે.

## (૪ ) ભારતીય આયોજનની વ્યૂહરચના –

### (1) પ્રસ્તાવના –

પ્રથમ પંચવર્ષીય યોજનામાં ખેતીને અગ્રિમતા આપવામાં આવી- બીજી યોજનામાં ઉધોગીકરણ પર ભાર – ત્રીજી યોજનામાં પણ આ વ્યૂહરચના અમલમાં- ચોથી અને પાંચમી યોજનામાં "સ્થિરતા સાથે વિકાસની" વ્યૂહરચના ઘડાઈ – સાતમી પંચવર્ષીય યોજનામાં મુખ્ય સૂત્ર " Food , Woork and Productivity " આપી, બેરોજગારી અને ગરીબી નિવારણના કાર્યમાં ખેતી અને ઔદ્યોગિક ક્ષેત્રને મહત્તમ ઉપયોગ કરવા ઉર્જાશક્તિ પાછળ વિશેષ ધ્યાન -1991 થી ભારતની આયોજનની વ્યૂહરચનામાં આમૂલ પરિવર્તન ખાનગીક્ષેત્રને મહત્વ

### (૨) ભારતની આયોજનની વ્યૂહરચનાના પાસા –

### (A ) મિશ્ર અર્થતંત્ર –

*ખાસયતો –

(1) રાજ્યની હકારાત્મક ભૂમિકા- ભારતમાં ઝડપી ઔદ્યોગીકરણ કરવા અને સ્વાવલંબન મેળવવા તથા વ્યાજબી વહેચાણ વ્યવસ્થા જાળવવા જાહેર ક્ષેત્ર જરૂરી

(1) ખાનગી અને જાહેરક્ષેત્રનું સહઅસ્તિત્વ – ખાનગી અને જાહેરક્ષેત્ર માટેની સ્પષ્ટ યાદી ૧૯૫૬ની ઔદ્યોગિક નીતિ રજૂ કરાઈ

*ભારતની મિશ્ર અર્થવ્યવ્સ્થની આયોજનની પ્રક્રિયા-

સફળતાનો આધાર ત્રણ બાબત પર

(૧)સામાજિક ધ્યેયો સિદ્ધ કરવા કેટલે અંશે શક્તિમાન

(૨) સામાજિક ધ્યેયો સિદ્ધ કરવામાં ખાનગી ક્ષેત્રને માર્ગદર્શન

(૩) જાહેર હિતની વિરુદ્ધમાં જતા ખનગી ક્ષેત્રના રોકાણને નિયંત્રણ

* પગલાં-

(1) સરક્ષણ ,ભારે અને પાયાના ઉદ્યોગો માટે વધુ સાધનો ફાળવ્યા

(2) ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા

(3) સમાજ કલ્યાણની યોજનામાં રોકાણ

(4) નાણાકીય સંસ્થાઓ ઉપર કાબુ

(5) રેશનીંગ અને ભાવ નિયંત્રણને

(6) પછાત વર્ગને સમાન તક

(7) રાજકોષિય સાધનોનો અસરકારક ઉપયોગ

- મિશ્ર અર્થતંત્રની વ્યવસ્થાનું મૂલ્યાંકન –

(૧)ખાનગી ક્ષેત્રને બેન્કિંગ અને ઇન્સ્યોરન્સ ક્ષેત્રે પ્રવેશવાની છૂટ પરંતુ સામાજિક અને આર્થિક ધ્યેયો સિદ્ધ કરવામાં નિષ્ફળ

(2) વિકાસનો ઉચો દર પરંતુ ગરીબ વર્ગને ઓછો લાભ

(૩ ) બેરોજગારીની સમસ્યા વધી

(૪) આવકની અસમાનતા વધી

(૫) ખાનગી ક્ષેત્રની ભૂમિકા વધી

(B ) ભારતની આયોજન દરમિયાન વિકાસની વ્યૂહરચના – ભારતે “ મ્હાલનોબિસનું વિકાસનું મોડલ“ બીજી યોજનાથી અમલમાં

મહાલનોબિસના મતે “ ભારે પાયાના ઉદ્યોગો સ્થપાતાં લાંબા ગાલે વિકાસ ખર્ચ ઘટે છે અને દેશમાં મશીનરી બનતા વિદેશી હુંડિયામણની બચત થાય છે. આવુ ઔધઘોગીકરણ ખેત વિકાસ કરવામાં પણ લાભદાયી બને છે.

- ઝડપી ઔધ્યોગીકરણની ભારતમાં જરૂરિયાત –

(1) માનવ સંસાધનો ના ઉપયોગ માટે

(2) ખેતીમાં વસ્તીનું ભારણ ઘટાડવા

(3) વિશ્વ બજારમાં ઔધ્યોગોક માંગ વધારે

(4) ખનીજોનો મોટો જથ્થો

(5) ખેતી વિષયક સાધનો પુરા પાડવા

(6) ખેતીનો ઝડપી વિકાસ માટે

(7) સંરક્ષણની દ્રષ્ટિએ

(8) અન્ય ક્ષેત્રના વિકાસ માટે

*વિકાસની વ્યૂહરચનાનું મૂલ્યાંકન –બીજી અને ત્રીજી યોજનાથી ભારે ઔધોગીકરણ અપનાવેલી વ્યૂહરચના આયોજનના પાંચ દાયકા સુધી અપવાદરૂપ સંજોગોને બાદ કરતાં ચાલુ –બચત અને રોકાણના દરમાં નોધપાત્ર – ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં સહાયક – ખેતી અને ઉદ્યોગનો વિકાસ પૂરક

(C ) આયોજન દરમ્યાનની રોજગારીની વ્યૂહરચના- ઝડપી વિકાસ અને રોજગારીના ધ્યેયો વચ્ચે સમતુલા જાળવવા ઉદ્યોગો માટે શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ

(D ) સામાજિક ધ્યેયો સિદ્ધ કરવાની રાજકોષિય નીતિ – પછાત વર્ગ ના કલ્યાણની યોજના

(E ) ગરીબી નિવારણની વ્યૂહરચના – પાંચમી યોજનાથી ગરીબી નિવારણ યોજના નરેગા યોજના

(F ) અન્ય –આર્થિક સ્વાવલંબન

(૩) સામાજિક કલ્યાણ યોજના

(૪) નાણાકીય સંસ્થાઓ ઉપર કાબુ

(૫) રેશનીંગ અને ભાવ નિયંત્રણ

(૬) પછાત વર્ગના વિકાસ માટે સમાન તકો

(૭) રાજકોષિય સાધનોનો કલ્યાણકારી ઉપયોગ

મિશ્ર અર્થતંત્રની વ્યવસ્થાનું મૂલ્યાંકન-

(B) ભારતની આયોજન દરમ્યાન વિકાસની વ્યૂહરચના -

## 4. ભારતમાં આયોજનની સિધ્ધિઓ જણાવો.

(1) પ્રસ્તાવના- આયોજ્જ્નનનું સાચું મૂલ્યાંકન કરવા આયોજનના મુખ્ય ઉદેશોની જાણકારી જરૂરી છે.

(૧) રાષ્ટ્રીય અને માથાદીઠ આવકમાં વધારો કરવો

(૨) આવક અને સંપતિની અસમાનતા ઘટાડવી

(૩) ભાવ સ્થિરતા જાળવવી

(૪) અર્થતંત્રને ગતિશીલ બનાવવું

(૫) આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરવું

(૬) સામાજિક ન્યાયની સ્થાપના કરવી

(૭) પ્રાદેશિક અસમાનતા ઘટાડવી

(8) બચત અને મૂડીરોકાણ દરમાં નોધપાત્ર વધારો કરવો

(૯) બેરોજગારી, ગરીબી, ફુગાવો વગેરે આર્થિક સમસ્યાઓ ઉકેલવી

(૧૦) દેશની ભૌતિક અને માનવ સંપતિનો ઇષ્ટત્તમ ઉપયોગ કરવો

(૨) ભારતીય આયોજનની સિધ્ધિઓ –

(૧) રાષ્ટ્રીય અને માથાદીઠ આવકમાં વધારો -

| યોજનાઓ | ચોખ્ખી રાષ્ટ્રીય આવકની અભિવૃદ્ધિ નો સરેરાશ દર (ટકામાં) | ચોખ્ખી માથાદીઠ આવકની અભિવૃદ્ધિ નો સરેરાશ દર (ટકામાં) |
|---|---|---|
| પ્રથમ યોજના ( ૧૯૫૧-૫૬) | ૩.૭ | ૨.૪ |
| બીજી યોજના ( ૧૯૫૬- ૬૧) | ૪.૨ | ૨.૨ |
| ત્રીજી યોજના (૧૯૬૧- ૬૬) | ૨.૮ | 0.3 |
| ચોથી યોજના (૧૯૬૯ -૭૪) | ૩.૪ | 0.૯ |
| પાંચમી યોજના(૧૯૭૪- ૭૯) | ૪.૯ | ૨.૬ |
| છઠ્ઠી યોજના (૧૯૮૦-૮૫) | ૫.૪ | ૩.૧ |
| સાતમી યોજના( ૧૯૮૫ -૯૦) | ૫.૬ | ૩.૩ |
| આઠમી યોજના (૧૯૯૨- ૯૭) | ૬.૬ | ૪.૬ |
| નવમી યોજના (૧૯૯૭ – ૦૨) | ૫.૭ | ૩.૫ |
| દસમી યોજના (૨૦૦૨-૦૩) | ૭.૬ | ૫.૯ |
| અગિયારમી યોજના (૨૦૦૭ - ૧૨) | ૭.૯ | ૬.૩ |

(૨) ખેતીક્ષેત્રની પ્રગતી –ભારતમાં કુલ મૂડીરોકાણના લગભગ ૨૩ થી ૨૪ ટકા મોટાભાગની યોજનામાં ખેતી અને તેને સંબંધિત ક્ષેત્રોમાં ફાળવવામાં આવ્યું છે. ૧૯૬૫-૬૬ માં હરિયાળી ક્રાંતિના કાર્યક્રમ હેઠળ ખેતીક્ષેત્રમાં નવી ટેકનોલોજી અમલમાં મુકવામાં આવી . તેથી અનાજનું કુલ ઉત્પાદન ૧૯૫૦-૫૧ માં ૫ કરોડ ટન હતું. તે વધીને ૨૦૧૭-૧૮ માં ૨૮.૫ કરોડ ટન થયું. આઝાદી પૂર્વે માંડ 0.3 ટકા હતો તે વધીને આઝાદી પછી 3,0 ટકાથી વધુ થયો છે.

(૩) ઔદ્યોગિક ક્ષેત્રની પ્રગતિ – પ્રથમ  દશ યોજનામાં સરકારે ઉદ્યોગોના વિકાસ, વાહન અને સંદેશાવ્યવહારના વિસ્તરણ, ઈલેક્ટ્રીસિટીના ઉત્પાદન અને વહેચણી માટે મોટા પાયા પર રોકાણ કર્યું છે. જે આયોજિત રોકાણના ૫૩ થી ૫૫ ટકા છે. આ બધાને લીધે સ્ટીલ, એલ્યુમીનીયમ, કેમિકલ, પેટ્રોલીયમ પ્રોડક્ટ વગેરેનું ઉત્પાદન નોધપાત્ર વધ્યું છે. ઔદ્યોગિક ઉત્પાદનની અભીવૃધ્ધીનો સરેરાશ દર આઝાદી પૂર્વે માંડ ૦.૨ ટકા હતો. તે વધીને આઝાદી કાળમાં ૬ ટકાથી વધુ થયો છે.

(૪) બચત અને મૂડી રોકાણ – ૧૯૫૦-૫૧ માં કુલ આંતરિક બચતનો દર ૮.૬ ટકા હતો. તે વધીને ૨૦૧૭-૧૮ માં ૨૯.૬ ટકા થયો છે.અને કુલ મૂડીરોકાણનો દર ૧૯૫૦-૫૧માં ૮.૪ ટકા હતો તે વધીને ૨૦૧૮-૨૯.૫ ટકા થયો છે.

(૫) પાયાની સુવિધા- રોડ ટ્રાન્સપોર્ટના વિસ્તરણે બજારનો વિકાસ થયો છે. સિચાઈ  અને હાયડ્રો – ઇલેક્ટ્રિક પ્રોજેક્ટોના કારણે ખેતીનો વિકાસ થયો છે. સ્ટેટ અને નેશનલ હાઇવેના વિકસે ટ્રાન્સપોર્ટ સેવાનો વિસાસ કર્યો.અને ટેલી કોમ્યુનિકેશન ના વિકસે વિશ્વ વેપાર વળ્યો.

(૬) વિદેશ વેપાર – ઝડપી ઔધોગિક વિકાસને લીધે ભારતનું મૂડી વસ્તુની આયાતનું પારાવલંબન ઘટયું છે. જે આયાત અવેજીકરણનું પરિણામ છે. ભારતના નિકાસ માળખામાં પરિવર્તન આવ્યું અને મેન્યુફેક્ચર, ખનીજ. એન્જીનીયરીંગ ગુડ્સ વગેરેની તરફેણમાં નિકાસ માળખું બદલાયું છે.

(૭) રાષ્ટ્રીય આવકના માળખામાં પરિવર્તન –

| વિગત | ૧૯૫૦-૫૧ | ૧૯૯૯-૨000 |
|---|---|---|
| પ્રાથમિક વિભાગ | ૫૯% | ૨૭.૫૦% |
| ઉધોગ | ૧3 % | ૨૪.૬3 % |
| સેવા વિભગ | ૨૮% | ૪૭.૭૮% |

(૮) સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રનો વિકાસ- આયોજનની મહત્વની સિદ્ધિ ભારતે મિડલ ઇસ્ટ આફ્રિકન દેશોમાં ટેકનિકલ નિષ્ણાતોની સેવા નિકાસ શરુ કરી છે.

(૯) શિક્ષણ પદ્ધતિનો વિકાસ – ભારત વિશ્વમાં ચીન બાદ નંબરે શિક્ષિત અને કાર્યકુશળ વ્યક્તિઓનો પુરવઠો પૂરો પાડવા શક્તિમાન બન્યું.

(૧૦) જીવન ધોરણમાં સુધારો- આયોજન દરમિયાન મૃત્યદર, બાળ મૃત્યુદરમાં નોધપાત્ર ઘટાડો થતાં સરેરાશ અપેક્ષિત આયુષ્ય મર્યાદા વધી છે.

## (૫) ભારતીય આયોજનની મર્યાદાઓ જણાવો.

(1) પ્રસ્તાવના –

(2) ભારતીય આયોજનની નિષ્ફળતા –

(૧) ધીમો વિકાસ – પ્રથમ યોજના લક્ષ્યાંક ૨.૧ ટકા અને વાસ્તવિક વિકાસદર 3.૭ ટકા , પાંચમી યોજના લક્ષ્યાંક ૪.૪ ટકા અને વાસ્તવિક વિકાસદર ૪.૯ ટકા ,આઠમી યોજના લક્ષ્યાંક ૫.૬ ટકા અને વાસ્તવિક ૬.૬ટકા અને દસમી યોજના લક્ષ્યાંક ૮.0 ટકા અને વાસ્તવિક વિકાસદર ૭.૬ ટકા હતો .પરિણામે આયોજનકાળ દરમિયાન રાષ્ટ્રીય અભિવૃદ્ધિનો સરેરાસ દર માત્ર ૪.૨ અને માથાદીઠ આવકની અભિવૃદ્ધિનો દર માત્ર ૨.૧ ટકા રહ્યો.

(૨)મૂડીરોકાણમાં ધીમો વધારો – ૧૯૫૧ થી ૨0૧૧-૧૨ સુધીનાં ૬0 વર્ષોમાં કુલ મૂડીરોકાણનો દર ૮.૪ ટકાથી વધીને 3૫ ટકા પર આવ્યો છે.

(3 ) આવકની અસમાનતા – ૧૯૯૨માં તળીયાના ૨0 ટકા વસ્તીનો રાષ્ટ્રીય આવકમાં હિસ્સો માત્ર ૮.૫ ટકા હતો. બીજી તરફ ટોચની ૨0 ટકા વસ્તીનો હિસ્સો ૪૨.૬ ટકા હતો. ભારતમાં રાષ્ટ્રીય આવકમાં તળીયાના ૧0 ટકા લોકોનો હિસ્સો માત્ર 3.૭ જયારે ટોચના ૧0 ટકા લોકોનો હિસ્સો ૨૮.૪ ટકા છે.

(૫) સંપત્તિની અસમાનતા – ૭૨ ટકા ખેડૂતોની માલિકી હેઠળ લગભગ ૧૭ ટકા જમીન વિસ્તાર જયારે ૧ ટકા ખેડૂતો પાસે ૧૪ ટકા જમીન વિસ્તાર છે.

(૬) ગરીબી નિવારણમાં નિષ્ફળતા – ભારતમાં ૨૦૦૯-૧૦ માં ગરીબોની સંખ્યા ૩૫.૪ કરોડ એટલે કે ૨૯.૮ ટકા છે. ગ્રામવિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ ૩૩.૮ ટકા છે, જયારે શહેરી વિસ્તારમાં ૨૦.૯ ટકા છે. કેટલાક રાજ્યોમાં તો ગરીબીનું પ્રમાણ રાષ્ટ્રીય સ્રેરસથી પણ વધુ છે. બિહાર ૪૨.૬૦ ટકા , ઓરીસ્સા ૪૭.૧૫ ટકા .

(૭) ફુગાવો- સરેરાશ ભાવસપાટીમાં થયેલો વધારો બીજી યોજનાના ગાળામાં ૩૦ ટકા , પાંચમી યોજનામાં ૩૩ ટકા, આઠમી યોજનામાં ૮ ટકા

(૮) બેરોજગારી – બેરોજગારી સંખ્યા ૧૯૫૦-૫૧ માં ૩૩લાખ હતા. નેશનલ સેમ્પલ સર્વેના અંદાજ મુજબ ભારતમાં બેરોજગારીનો દર ૨૦૧૭-૧૮ માં ૭.૪ ટકા છે.

(૯) ભ્રષ્ટાચાર – રાજીવ ગાંધીએ એક પ્રવચનમાં કહ્યું કે યોજનામાં પ્રત્યેક રોકાણમાંથી ૨. ૮૫ કરોડ ભ્ર

(૧૦) ગ્રામીણ વિકાસ તરફ દુર્લક્ષ્ય –

(૧૧) વસ્તી નિયંત્રણમાં નિષ્ફળતા-

(૧૨) પ્રાદેશિક અસમાનતા

## ૬. ભારતીય આયોજનના બોધપાઠો સમજાવો.

(1) પ્રસ્તાવના – આઝાદી પહેલાં વિકાસદર જે ૧ ટકાનો હતો તે વધારીને ૫ ટકા સુધી લઈ જવામાં સફળતા મળી છે.

(2) ભારતીય આયોજનના બોધપાઠો –

(૧)અતિશય મહત્વકાંક્ષી યોજના સાધનોનો ઉપલબ્ધ પુરવઠો ધ્યાનમાં રાખીને ઉદેશો નક્કી કરવા જોઈએ.
વાસ્તવદર્શી હોવા જોઈએ.

(૨) ખેતીક્ષેત્રની અવગણના – ખેતીક્ષેત્ર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. યોજનાઓના કાર્યક્રમોમાં ખેતીક્ષેત્રના વિકાસને પુરતી મહત્તા આપવી જોઈએ.

(૩) રોજગારીની ઉપેક્ષા – શ્રમપ્રધાન ઉત્પાદનની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને શ્રમનો સંપૂર્ણ ઉપયોગ કરવો

(૪) ધ્યેયો વચ્ચે સંઘર્ષ – આર્થિક વિકાસ અને આર્થિક સમાનતાના ધ્યેયો પરસ્પર સુસંગત નથી.

(૫) અપૂરતી માહિતી –અધૂરી કે અવિશ્વસનીય માહિતીના આધરે તૈયાર કરવામાં આવતું આયોજન કડી સફળ થતું નથી.

(૬) કરવેરાની ભૂમિકા – કરવેરાની મર્યાદાઓ ધ્યાનમાં રાખીને કરઉપજ  વધારવાનો હજી ઘણો અવકાશ છે.

(૭) જાહેર દેવાનો સાવચેતીભર્યો ઉપયોગ – જાહેર દેવાનાં નાણાંનો ઉપયોગ એવી ઉત્પાદક દિશાઓમાં કરવો જોઈએ.

(૮) જાહેર સાહસોની સુધારણા – જાહેર સાહસોની કાર્યક્ષમતા સુધરવી અને તેમની ભાવનીતિ વિષે પુનવિચાના કરવી

(૯) ખાધપુરવણીની મર્યાદા – ખાધપુરવણી મર્યાદિત પ્રમાણમાં હોય તો જ વિકાસપ્રેરક બને છે.

(૧૦)નિકાસવૃદ્ધિ અને વિદેશી રોકાણ – વિદેશી દેવાને બદલે વિદેશી સીધું રોકાણ મેળવવાનો પ્રયાસ કરવો

(૧૧) આયોજનપંચની ભૂમિકા – નવા માહોલમાં આયોજનપંચ અપ્રસ્તુત બની ગયું છે. તેની ભૂમિકા અંગે નવેસરથી વિચારણા થવી જોઈએ.

## (૭ ) ભારતની બારમી પંચવર્ષીય યોજના (૨૨૦૧૨-૧૭) વિષે નોધ લખો.

અગિયારમી યોજનાની જેમ બારમી યોજનામાં પણ વધુ ઝડપી અને વધુ સર્વસમાવેશક વિકાસનો ઉદેશ સ્વીકારવામાં આવ્યો છે. આ ઉદેશ સિદ્ધ કરવા માટે રાષ્ટ્રીય આવક વધારવી જરૂરી છે.

બારમી યોજનામાં જે મુખ્ય લક્ષ્યાંકો રજૂ કરવામાં આવ્યા છે.

(1) રાષ્ટ્રીય આવકમાં સરેરાસ ૮.૦ ટકાના દરે પ્રતિવર્ષ વધારવો કરવો.

(2) ખેતવિકાસનો વાર્ષિક સરેરાશ દર ૪.૦ ટકા છે.

(3) ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસનો વાર્ષિક સરેરાશ દર ૭.૬ ટકા છે.

(4) સેવાઓના ક્ષેત્રના વિકાસનો વાર્ષિક સરેરાશ ૯.૦ ટકા છે.

(5) મૂડીરોકાણનો દર ૩૫.૦ ટકા કરવાનો ૩,બચતદર ઓછોમાં ઓછો ૩૩.૬ ટકાએ લી જવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

ચાલુ ભાવસપાટીએ બારમી યોજનાનો કુલ જાહેર ખર્ચ રૂ. ૮૦,૫૦,૧૨૩ કરોડ નક્કી કરવામાં આવ્યો.છે. એમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂ. ૪૩,૩૩,૭૩૯ કરોડ અને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોનો હિસ્સો રૂ.૩૭ ,૧૬ ,૩૮૫ કરોડ અંદાજવામાં આવ્યો.

બારમી યોજના માટે નાણાપ્રાપ્તિના માર્ગોમાં કેન્દ્રીય અંદાજપત્રીય સાધનો ૩૫,૬૮,૬૨૬ કરોડ છે.જેમાંથી રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોને સહાય રૂ. ૮,૫૭,૭૮૬ કરોડ કરવામાં આવેલ.

## અર્થત્રતના વિવધ ક્ષેત્રો વચ્ચે બારમી યોજનાના કુલ ખર્ચની ફાળવણી

| ક્ષેત્ર | કુલ ખર્ચ (રૂ. કરોડ, ચાલુ ભાવે) | કુલ ખર્ચના ટકા |
|---|---|---|
| ખેતીક્ષેત્ર | ૩, ૬૩, ૨૭૩ | ૪.૭ |
| ઉદ્યોગક્ષેત્ર | ૩,૭૭,૩૦૨ | ૪.૯ |
| સેવાક્ષેત્ર – ઉર્જા | ૧૪,૩૮,૪૬૬ | ૧૮.૮ |
| - વાહનવ્યવહાર | ૧૨,૦૪,૧૭૨ | ૧૫.૭ |
| - સંદેશાવ્યવહાર | ૮૦,૯૮૪ | ૧.૧ |
| સામાજિક સેવાઓ | ૨૬,૬૪,૮૪૩ | ૩૪.૭ |

બારમી યોજનામાં ખર્ચની ક્ષેત્રીય ફાળવણીમાં સામાજિક સેવાઓને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી છે એટલે કે રૂપિયા ૨૬,૬૪,૮૪૩ કરોડ (૩૪.૭ ટકા) ફાળવવામાં આવ્યા છે, જયારે બીજા ક્રમે ઉર્જાના વિકાસને મહત્વ આપવામાં આવ્યું છે એટલે કે બારમી યોજનામાં રૂપિયા ૧૪,૩૮,૪૬૬ કરોડ (૧૮.૮ ટકા) ફાળવવામાં આવ્યા છે.

(૨) બારમી યોજનાનું મૂલ્યાંકન –

(1) રોકાણની ક્ષ્યક્ષ્મતા વધારીને ખેડૂતોને વિકાસના લાભ ઉપલબ્ધ્ધ બનાવવા.

(2) આંતરમાળખાની સુધારણા, મજૂર કાયદા લચકદાર બનાવવા અને નાના ઔદ્યોગિક એકમોને વધુ ધિરાણ ઉપલબ્ધ બનાવવું.

(3) વિકાસની એવી પ્રક્રિયા અપનાવવી જે પર્યાવરણ માટે હાનિકારક ન હોય.

(4) સમાજની વિષમતાઓ દુર કરવી.

## (૮) નીતિ આયોગ -

(1) પૂર્વભૂમિકા –

ભારતમાં પંચવર્ષીય યોજનાઓને નિર્ધારિત લક્ષ્યાંકો અને ઉદેશો સિદ્ધ કરવામાં શરમજનક નિષ્ફળતા મળી છે. પ્રોજેક્ટો પૂરા કરવામાં ધારણા કરતા વધારે સમય લેવામાં આવેલા નિર્ણયો અવાસ્તવિક સાબિત થયા છે.

સુખમોય ચક્રવર્તી નામના અર્થશાસ્ત્રીના મત મુજબ અમલીકરણની નિષ્ફળતા માટે મુખ્ય ત્રણ હકીકત કારણભૂત રહી છે. (૧) આયોજકો પાસે પ્રોજેક્ટ અંગે સંપૂણ અને સાચી માહિતી હોતી નથી.(૨) પરિસ્થિતિ બદલાય ત્યારે પ્રોજેક્ટમાં જે ફેરફાર થવા જોઈએ તે સમયસર થતા નથી. (૩) જે એજન્સીઓને અમલીકરણની જવાબદારી સોપવામાં આવે છે. તેમની કાર્યક્ષમતામાં ઘણી ઊણપ હોય છે.

(૨) નીતિ આયોગની સ્થપના –

૧ લી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ભારત સરકારે આયોજન પંચના સ્થાને નીતિ આયોગની સ્થપના કરી છે. NITI નો પૂર્ણરૂપ National Institution For Transforming India

(૩) નીતિ આયોગના ઉદેશો –

(1) વિકાસલક્ષી નીતિ તૈયાર કરવામાં રાજ્યોને ભાગીદાર બનાવવા.

(2) ગ્રામીણ યોજનાઓના આધરે રાષ્ટ્રીય યોજના તૈયાર કરવી.

(૩) નિમ્ન સ્તરના લોકોના ઉત્કર્ષને અગ્રતા આપવી .

(૪) લાંબાગાળાની વ્યુહાત્મક યોજના તૈયાર કરવી અને પ્રગતિનું મૂલ્યાંકન કરવું.

(૫) વિકાસ કર્યક્રમોના અમલને અસરકારક બનાવે એવી ટેકનોલોજી અપનાવવી.

(૪) નીતિ આયોગ અને ભાવી આયોજન –

૩૧-૩-૨૦૧૭ ના રોજ બારમી પંચવર્ષીય યોજનાના અંત સાથે દાયકાઓ જૂની પંચવર્ષીય યોજનાની પ્નાલીકાનો અંત આવે છે. તેના સ્થાને ત્રિવાર્ષિક કાર્ય યોજના તેમજ પંદરવર્ષીય દીર્ઘદ્રષ્ટિ હેવાલ અમલમાં મુકાશે. આ સાથે સરકાર સાતવર્ષીય વ્યૂહરચનાનો વૃતાંત પણ રજૂ કરશે.

ત્રિવાર્ષિક કાર્ય યોજનાના મુખ્ય બે ઉદેશો – (૧) આર્થિક વિકાસને વેગ આપવો (૨) રોજગારી સર્જન દ્વારા આર્થિક વિકાસને વધુમાં વધુ સર્વસમાવેશક બનાવવો.

નીતિ આયોગ ૨૦૩૦ સુધીના વિકાસલક્ષી કર્યો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જેની પ્રથમ સમીક્ષા ૨૦૧૯-૨૦ માં રજૂ થશે. તેને આધારે ક્ષેત્રો અને પ્રદેશોને નાણા ફાળવી શકાય.

# યુનિટ -૨
# આર્થિક સુધારા અને નીતિઓ

## ૧.ભારતમાં આર્થિક સુધારા – (Economics Refomes in India)

(1) પ્રસ્તાવના –ભારતમાં આર્થિક સુધારાનું નવું LPG ( liberalisation, privatisation , Globalisation ) (ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ) મોડલ, નાણાપ્રધાન મનમોહનસિંઘ દ્વારા ૧૯૯૧ માં અમલમાં મુકાયું છે.

(2) આર્થિક સુધારાનો અર્થ – આર્થિક સુધારા માટે ભારતમાં “ નવી આર્થિક નીતિ” , “બજારતંત્ર પ્રત્યે મિત્રતા દાખવતી નીતિ” કે “ આર્થિક ઉદારીકરણ” શબ્દોનો પણ ઉપયોગ થાય છે.

આર્થિક સુધારામાં બે નીતીવિષયક બાબતો કેન્દ્રસ્થાને છે.

(1) સમગ્રલક્ષી સ્થિરતા – કુલ માંગ સંચલન સાથે નિસ્બત છે.સમગ્રલક્ષી સમતુલા માટે (૧) ભાવસપાટી સ્થિર કરવી (૨) બજેટ ખાધ દુર કરવી અને આંતરિક દેવાનો બોજો ઘટાડવો (૩ )વેપાર તુલાની ખાધ દુર કરવી અને વિદેશી દેવાનો બોજો ઘટાડવો

(૨) માળખાકીય સમાયોજન – પુરવઠાની બાજુ સાથે સંબંધ છે. કારણકે તેનો મુખ્ય ઉદેશ અર્થતંત્રની ઉત્પાદનક્ષમતા વધારીને આર્થિક વિકાસનો ઊંચો દર જાળવી રાખવાનો છે.માળખાકીય સમાયોજનના પગલા

(૧)જાહેર સાહસોનું ખાનગીકરણ  કે વિનિવેશ (ડીસઇન્વેસ્ટમેન્ટ) (૨) ખાનગી સાહસો પરના બિનજરૂરી અંકુશો અને નિયંત્રણોની નાબુદ (૩) નાણાકીય અને બેન્કિંગ ક્ષેત્રના સુધારા (૪) વિદેશીવેપાર અને મૂડીના હેરફેર સંબંધી સુધારા નો સમાવેશ થાય છે.

(૩) આર્થિક સુધારાનાં લક્ષણો – ભારતમાં આર્થિક સુધારાનો અમલ ૧૯૮૫થી થયો પરંતુ ૧૯૯૧ થી સત્તાવાર રીતે આર્થિક સુધારાનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૧)બજારતંત્ર સાથે મિત્રતાનું વલણ-  (અ) ઉત્પાદકો, વેપારીઓ પરના અંકુશો ઘટાડીયા (બ) બજારોમાં હરિફાઇને પ્રોત્સાહન (ક) ખાનગી ક્ષેત્રો વિસ્તારવામાં આવ્યા અને જાહેર સાહસોમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી કરવામાં આવી.(ડ) જાહેર સાહસો બજારની શિસ્ત મુજબ, વેપારી ધોરણે, કામ કરે એવો આગ્રહ (ઈ) વિદેશી કંપનીઓને ભારતમાં પોતાના એકમો ઊભા કરવાની કે ભાગીદારી કરવાની પરવાનગી આપવામાં આવી (ફ)આયાત – નિકાસ પરના અંકુશો ઘટાડવામાં આવ્યા (જી) રૂપિયાને રૂપાંતરક્ષમ ( કન્વર્ટીબલ ) એટલે કે રૂપિયાનું બાહ્ય મૂલ્ય બજારમાં માંગ અને પુરવઠાના પરિબળો દ્વારા નક્કી થશે.

(૨) રાજ્યની મર્યાદિત કામગીરી -  જાહેરક્ષેત્ર માટે અનામત રાખવામાં આવેલાઉદ્યોગો ની સંખ્યા ઘટી છે. જાહેર સાહસોમાં વિનિવેશ દ્વારા ખાનગી ઉદ્યોગપતિઓને ભાગીદાર બનાવવામાં આવ્યા. ખાનગી ઉદ્યોગોનો પ્રવેશ સામાજિક દ્રષ્ટીએ ઇચ્છનીય નથી એવા ક્ષેત્રોમાં રાજ્ય મહત્વનો ફાળો આપશે.

(૩ )આર્થિક આયોજનનું બદલાયેલું સ્વરૂપ- આર્થિક સુધારા હેઠળ જે આયોજન અમલમાં આવશે એમાં અર્થતંત્રની વર્તમાન પરિસ્થિતિનું ચિત્ર અને ભવિષ્યમાં કઈ દિશામાં જવાનું છે એનું માર્ગદર્શન આપશે.કેન્દ્ર સરકાર , રાજ્ય સરકાર  અને પ્રજાની આર્થિક પ્રવૃતિઓને સુસંકલિત કરવામાં આવશે. આર્થિક વિકાસની જવાબદારી મહદઅંશે ખાનગી ક્ષેત્રને સોપવામાં આવશે.ખાનગી અને જાહેરક્ષેત્ર એકબીજાનેપૂરક બનીને કામ કરશે.

## (૨) આર્થિક સુધારાનું મૂલ્યાંકન –

(1) આર્થિક સુધારા અપનાવવાની ફરજ પડતા સંજોગો –

(અ) ૧૯૫૧ થી ૧૯૯૦ દરમ્યાન ભારતીય અર્થતંત્રની કામગીરી  સંતોષકારક ન હતી. આ દરમિયાન રાષ્ટીય આવકનો સરેરાશ વૃદ્ધિદર ૩.૫ ટકા અને માથાદીઠ આવકનો સરેરાશ વૃદ્ધિદર માત્ર ૧.૫ ટકા હતો. એટલેકે ૨૬ કરોડ લોકો ગરીબીની રેખા હેઠળ હતા. આવક અને સંપત્તિની અસમાનતા વધી હતી.માનવવિકાસની દ્રષ્ટીએ ૧૯૯૦ માં ભારતનો કમાંક ૧૨૩ હતો.

(બ) ભારતે આયોજનના ક્ષેત્રે સોવિયેત રશિયાનું અનુકરણ કર્યું.પણ સામ્યવાદી અર્થતંત્રની નિષ્ફળતાઓ ખુલ્લી પડી ગઈ હતી.

(ક) બીજી તરફ દક્ષિણ એશિયાના અનેક દેશો થાઇલેન્ડ , કોરિયા, સિંગાપોર વગેરે એ આર્થિક સુધરા દ્વારા જ્વલંત સિધ્ધિઓ હાંસલ કરી. વિકાસનો વાર્ષિક

વિકાસનો વાર્ષિક દર ૭ થી 10 ટકા હતો અને બચત મૂડીરોકાણનો દર ૨૫ થી 30 ટકા હતો

(ડ) સરકારની આવક અને ખર્ચ વચ્ચેની અસંતુલનને લીધે આંતરિક દેવું વધી ગયું હતું કેન્દ્ર સરકારની બજેટખાધ ૧૯૯૦-૮૧માં રાષ્ટ્રીય આવક ૦.૨ ટકા હતી તે વધીને ૧૯૯૦-૯૧ માં 3.3 ટકા થઇ હતી જ્યારે રાજકોષીય ખાધ 1990 ૯૧માં ૬.૬ ટકા હતી આંતરિક દેવું ૧૯૮૦-૮૧ માં રાષ્ટ્રીય આવકના 35% જે વધીને ૧૯૯૦- ૯૧માં ૪૯.૮ ટકા થઇ ગયું હતું જ્યારે વ્યાજની ચુકવણી નું પ્રમાણ ૧૦ ટકાથી વધીને ૨૨ ટકા થઇ ગયું હતું

(ઈ) લેણદેણના સરવૈયાની સ્થિતિ પણ ચિંતાજનક હતી વેપાર ખાતુ ૧૯૮૦- ૮૧મા ૨.૧ અબજ ડોલરથી વધીને 1990 ૯૧માં નો પણ ૯.૭ અબજ ડોલર થઈ ગઈ હતી

(ફ)૧૯૯૦- ૯૧માં ફુગાવાનો વાર્ષિક દર વધીને ૧૦.3 ટકા હતો. વળી અનાજના ભાવો ભયજનક સપાટીએ પહોંચી ગયા હતા .

## (૨) આર્થિક સુધારાનું મૂલ્યાંકન –

### (1) આર્થિક સુધારાની સિદ્ધિઓ-

(૧) આર્થિક વિકાસ- ૧૯૯૩- ૯૪થી ૧૯૯૭-૯૮ દરમ્યાન આર્થિક વિકાસનો સરેરાશ દર ૭ ટકા હતો આઠમી યોજના દરમિયાન વિકાસનો સરેરાશ દર ૬.૮ ટકા હતો.

(૨) રાષ્ટ્રીય આવકનું માળખું - ભારતીય રાષ્ટ્રીય આવકમાં ખેતી ક્ષેત્રનો ફાળો ઘટયો છે અને સેવા ક્ષેત્રનો ફાળો વધ્યો છે. ખેતી ક્ષેત્રનો ફાળો ૧૯૮૦માં 40% અને ૨000 – ૦૧માં ૨૭ ટકા હતો સેવા ક્ષેત્રનો ફાળો 40% થી વધીને ૫૧ ટકા થયો જ્યારે ઔદ્યોગિક ક્ષેત્ર નો ફાળો૧૯૯૦-૯૧ થી૨૦૦૦-૨001 દરમિયાન ૨૨ ટકા ની આસપાસ રહ્યો છે

(૩) વિદેશ વેપાર- અંકુશો અને જાતોમાં ઘટાડો થતાં નિકાસો વધી છે ૧૯૮૧થી 1991 દરમિયાન કુલ નિકાસ કુલ આયાતો ના ૬૨ ટકા હતી તે ૧૯૯૨થી 1999 2000 દરમિયાન ૭૪ ટકા થઈ છે

(૨) આર્થિક સુધારાની નિષ્ફળતાઓ-

(1) ગરીબીનું પ્રમાણ- ૧૯૯૩-૯૪થી ૧૯૯૭ દરમિયાનવિકાસનો વાર્ષિક દર વધીને ૬.૯ ટકા થયો હતો જ્યારેગરીબીનું પ્રમાણ ૩૫.૭ ટકાથી વધીને ૩૭.૨૩ટકા થયું હતુ. ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની નિરપેક્ષ સંખ્યા ૩૨ કરોડથી વધીને ૩૪.૮ કરોડ થઈ હતી.

(૨) રોજગારી- ૧૯૮૩- ૧૯૯૦-૯૧દરમ્યાન રોજગારી વૃદ્ધિનો સરેરાશ વાર્ષિક દર ૨.૩૯ટકા હતો તે ૧૯૯૦-૯૧થી ૧૯૯૭-૯૮ દરમિયાન ઘટીને 0.1% થઈ ગયો હતો.

(૩) અનાજનું ઉત્પાદન - ૧૯૮૦-૮૧ થી ૧૯૯૦ '૯૧ ના સમયગાળા દરમિયાન અનાજના ઉત્પાદનની અભિવૃદ્ધિનો સરેરાશ વાર્ષિક દર ૩.૧ ટકા હતો જયારે ૧૯૯૦-૯૧ થી ૨૦૦૦ - '૦૧ ના સમયગાળા દરમિયાન અનાજ ઉત્પાદન અભિવૃદ્ધિનો સરેરાશ દર માત્ર ૧.૦ ટકા હતો , એનું મુખ્ય કારણ એ છે કે ખેતીક્ષેત્રની અવગણના કરવામાં આવી છે . ખેતીક્ષેત્રમાં જાહેર મૂડીરોકાણ ૧૯૯૩ '૯૪ માં રૂા .૪૯૬૭ કરોડ હતું તે ઘટીને ૨૦૦૦ - '૦૧ માં રૂા .૪૦૦૭ કરોડ થયું છે .

( ૪) ઔદ્યોગિક ઉત્પાદન - ઔદ્યોગિક ઉત્પાદનની અભિવૃદ્ધિનો સરેરાશ વાર્ષિક દર ૧૯૮૦ - '૮૧ થી -૧૯૯૦ - '૯૧ દરમિયાન ૭.૮ ટકા હતો તે ઘટીને ૧૯૯૩-૯૪ થી ૨૦૦૦ - '૦૧ દરમિયાન ૭.૨ ટકા થયો છે . મૂડીઉદ્યોગોમાં ઉત્પાદનની અભિવૃદ્ધિનો સરેરાશ દર ૧૧.૫ ટકાથી ઘટીને ૭.૫ ટકા થયો છે .

( ૫ ) ભાવસપાટી - જથ્થાબંધ ભાવાંકની અભિવૃદ્ધિનો સરેરાશ વાર્ષિક દર ૧૯૮૧ - '૮૨ થી ૧૯૯૧ - '૯૨ દરમિયાન ૬.૯ ટકા હતો જ્યારે ૧૯૯૧ - '૯૨ થી ૨૦૦૦-૦૧ દરમિયાન ૭.૯ ટકા હતો . અનાજના જથ્થાબંધ ભાવોના આંકમાં અભિવૃદ્ધિનો સરેરાશ વાર્ષિક દર ૭.૨ ટકાથી વધીને ૮.૩ ટકા થયો છે .

**(3) ખાનગીકરણ :**

**(૧)ખાનગીકરણનો અર્થ -** ખાનગીકરણ એટલે જાહેર સાહસોની માલિકી અને સંચાલન ખાનગી કંપનીઓ , સંસ્થાઓ કે વ્યક્તિઓને સોંપી દેવાની નીતિ.

**(૨) ખાનગીકરણના ઉદેશો-**

(૧) ખાનગીકરણનો મુખ્ય ઉદ્દેશ સાહસોની કાર્યક્ષમતા સુધારવાનો છે .

(૨) સરકાર પર ખોટ અને સબસિડીઓનો બોજ ઘટાડવાનો હોય છે .

(૩) ઇક્વિટી શેરોના વેચાણની આવક વડે સરકાર પર દેવાનો જે બોજો છે તે ઘટાડવાનો હોય છે .

## (૩) ભારતમાં ખાનગીકરણની દિશામાં પગલાં –

(૧) જાહેરક્ષેત્ર માટે અનામત ઉદ્યોગોની સંખ્યા ઘટાડવામાં આવી . ઉદ્યોગોની સંખ્યા ૧૭ પરથી ૮ કરવામાં આવી હાલમાં ૪ ઉદ્યોગો જાહેરક્ષેત્ર માટે અનામત –શસ્ત્રોઅને દારૂગોળો , અણુશક્તિ, અણુઊર્જા અને રેલ્વે

(૨) માંદાં અને બિનકાર્યક્ષમ જાહેરસાહસોની પુનઃસુધારણા શક્ય ન હોય તો તેના ઇક્વિટી શેરોનું વેચાણ કરવામાં આવ્યું .

(૩) એના પરિણામે જે કામદારોએ રોજગારી ગુમાવી તેમને તાલીમ આપી અન્યત્ર કામ આપવાના હેતુથી ૧૯૯૨માં નેશનલ રિન્યુઅલ ફંડની રચના કરવામાં આવી .

(૪) જાહેર સાહસોને વધુ સ્વાયત્તતા આપવામાં આવી.૧૯૮૮ થી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) ની યોજના સરકારે દાખલ કરી

(૫) ૧૯૯૨ માં શેરના વિમુડીકરણની કમિટીનું પુનર્ગઠન કર્યું હતું.

**(૪) ખાનગીકરણના માર્ગમાં અવરોધો –**

(1) ખાનગી રોકાણકારો જાહેર સાહસોના ઇક્વિટી શેરો માટે વધુ મુલ્ય આપવા તૈયાર હોતા નથી.

(2) સંગઠિત ક્ષેત્રોમાં કામદાર મંડળો ખાનગીકરણનો વિરોધ કરી રહ્યા છે.

(3) વસ્તુઓ- સેવાઓના ભાવો નક્કી કરવાની અસ્વતંત્રતા અને શ્રમ કાયદાઓ

## (૪) આર્થિક ઉદારીકરણ –

(1) પૂર્વભૂમિકા -આર્થિક ઉદારીકરણની શરૂઆત ૧૯૮૫ માં રાજીવ ગાંધીના હાથે થઈ , પણ એનો વ્યાપક અમલ ૧૯૯૧ નરસિંહ રાવ દ્વારા થયો.

(2) આર્થિક ઉદારીકરણનો અર્થ- આર્થિક ઉદારીકરણની નીતિ એ મુક્ત બજારની નીતિ છે.આ નીતિ હેઠળ ભાવતંત્રને વધુમાં વધુ અવકાશ આપવામાં આવે છે. ભાવતંત્રની કામગીરીમાં રાજ્યનો હસ્તક્ષેપ ઓછામાં ઓછો હોય છે. રાજ્ય બજારના પરિબળો પરત્વે ઉદારતાનું વલણ દાખવે છે.

(3) ભારતમાં આર્થિક ઉદારીકરણ નીતિનો અમલ –

( i ) ઉદ્યોગો પરત્વે ખૂબ ઉદાર વલણ અપનાવી શકાયું છે .

( ii ) ખાનગીકરણની દિશામાં આગળ વધી શકાયું છે .

( iii ) ભારતીય અર્થતંત્રનું વૈશ્વિકીકરણ થયું છે .

( iv ) સરકારના કાર્યક્ષેત્ર પર મર્યાદા મુકાઈ ગઈ છે .

(૪) આર્થિક ઉદારીકરણની તરફેણ-

( i ) જાહેર ક્ષેત્રની આવશ્યકતા ઘટી છે .

( ii ) ભારતનું અર્થતંત્ર જટિલ બની ગયું છે .

(iii ) આ નીતિ આર્થિક વિકાસના દરને ઊંચે લઈ જશે .

(iv) અન્ય દેશોએ પણ આ માર્ગ અપનાવ્યો છે .

## (૪) આર્થિક ઉદારીકરણનો વિરોધ –

( i ) આ નીતિના અમલ માટે સંસ્થાકીય માળખું નથી .

( ii ) આ નીતિનો અમલ એકતરફી અને અવ્યવસ્થિત છે .

( iii ) આ નીતિ માટે રાજ્ય સરકારોમાં ઉત્સાહ દેખાતો નથી .

( iv ) નાના ઉદ્યોગો નહીં ટકી શકે અને બેરોજગારી વધશે.

(૫) આર્થિક ઉદારીકરણના પરિણામો-

( i ) આયોજનના ચાર દાયકા દરમિયાન આર્થિક વિકાસનો સરેરાશ વાર્ષિક દર માત્ર ૩.૫૬ હતો . વિકાસનો દર ૧૯૮૫ થી ૧૯૯૦ દરમિયાન ૫.૯ ટકા  હતો , જ્યારે ૧૯૯૪ થી ૧૯૯૯ દરમિયાને મેં ૧૯૯૭ દરમિયાન ૭.૩ ટકા હતો .

(ii ) ઔદ્યોગિક વિકાસનો સરેરાસ દર ૧૯૮૫ થી ૧૯૯૦ દરમિયાન ૭.૪ ટકા હતો. ૧૯૯૨ થી ૧૯૯૭ દરમ્યાન ૯.૩ ટકા થયો.

( iii ) વૈશ્વિકીકરણને લીધે કુલ આંતરિક ઉત્પાદનમાં આયાતનિકાસનું પ્રમાણ ૧૯૮૫ થી ૧૯૯૦ દરમિયાન ૧૨.૪ ટકા હતું તે વધીને ૧૯૯૨ થી ૧૯૯૮ દરમિયાન ૧૮.૦ ટકા થયું છે

(iv) રાજકોષીય ખાધ ઘટી છે , પણ મહેસૂલી ખાધ એટલી જ ઊંચી છે જેટલી ૧૯૯૦ પહેલાં હતી .

(v) પ્રત્ય કરવેરાની આવક વધી છે , પણ પરોક્ષ કરવેરાની આવકમાં ઘટાડો થયો તેથી કુલ આંતરિક ઉત્પાદનમાં કર ઉપજનું પ્રમાણ લગભગ સ્થિર રહ્યું છે

( vi ) ફુગાવાનો દર ઉદારીકરણની શરૂઆતમાં ઊંચો હતો , પણ છેલ્લા બે વર્ષોમાં તો નોંધપાત્ર ઘટીને પાંચ ટકાની સપાટીએ આવી ગયો છે .

( vi ) ગરીબીનું પ્રમાણ ૧૯૯૯ '૯૧ માં ૩૫. ૧૧ ટકા હતું .તે વધીને ૧૯૯૭ માં ૩૭. ૨૩ ટકા થયું છે .

## (5) ભારતમાં વૈશ્વીકરણની નીતિ-

(1) અર્થ - વૈશ્વિકીકરણ એટલે વસ્તુઓ , સેવાઓ , મૂડી , શ્રમ અને ટેકનોલૉજીની આંતરરાષ્ટ્રીય હેરફેરને નિરંકુશ તથા મુક્ત બનાવીને તમામ દેશોના અર્થતંત્રનું સંકલન કરવું અને એક વૈશ્વિક અર્થવ્યવસ્થાનું નિર્માણ કરવું. આ અર્થવ્યવસ્થામાં વિશિષ્ટીકરણના લાભો પ્રાપ્ત થાય છે. વસ્તુઓ - સેવાઓ અને સાધનોની ગતિશીલતાને લીધે ભાવો એકસરખા થાય છે .

(૨)વૈશ્વિકીકરણનું નજીવું પ્રમાણ –

અત્યાર સુધીમાં વૈશ્વિક સ્તરે તેમ જ ભારતમાં જે વૈશ્વિકીકરણ થયું છે તે નજીવુંછે .વૈશ્વિક સ્તરે થયેલું વૈશ્વિકીકરણ મહદ્ અંશે વિકસિત દેશોમાં કેન્દ્રિત થયેલું છે .ભારતની રાષ્ટ્રીય આવકમાં પ્રમાણ ૧૯૯૦ - '૯૧ માં ૧૬ ટકા હતું તે વધીને માત્ર ૨૨ ટકા થયું છે . એટલે ભારતીય અર્થતંત્રને ખોલવાની પ્રક્રિયાધીમી છે . વિશ્વવેપારમાં ભારતની નિકાસોનું પ્રમાણ માત્ર ૦.૬ ટકા અને આયાતોનું પ્રમાણ માત્ર ૦.૮ ટકા છે . એવી જ રીતે ૧૯૯૯ માં વિશ્વના વિકાસશીલ દેશોમાં જે વિદેશી મૂડીરોકાણ થયેલું તેમાં ભારતનો હિસ્સો માત્ર ૨ ટકા હતો જયારેચીનનો હિસ્સો ૧૬ ટકા થયો હતો . વૈશ્વિકીકરણથી ભારતીય અર્થતંત્રને ખાસ લાભ થયો નથી . વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો વધ્યો નથી વિકાસના દરમાં સુધારણા થઈ નથી . બલકે ગરીબી , બેકારી તથા અસમાનતામાં વધારો થયો છે

## (૩) ભારતી અર્થતંત્ર પર વૈશ્વીકરણની અસર-

(i) નિકાસ વૃદ્ધિ – વિશ્વની કુલ નિકાસમાં ભારતની વસ્તુઓ- સેવાઓની નિકાસનું પ્રમાણ નોધ પાત્ર વધ્યુંથી, ભારતમાં આર્થિક સુધારા નિકાસ વધુ ઝડપથી વધી છે .૧૯૯૦ માં તે ૦.૫૪ ટકા અને ૧૯૯૯ માં ૦.૭૫ ટકા થયું.એટલેકે સરેરાશ વાર્ષિક દર ભારતમાં ૮.૯ ટકા હતો. વિશ્વમાં સેવાઓની કુલ નિકાસમાં ભારતીય સેવાઓની નિકાસનું પ્રમાણ ૦.૬૦ ટકાથી વધીને ૧.૧ ટકા થયું છે અને ૧૯૯૮-૯૯ દરમિયાન ભારતીય સેવાઓની નિકાસની વૃદ્ધિનો વાર્ષિક સરેરાશ દર ૧૩.૧ ટકા હતો .

( ii ) વિદેશી રોકાણ : ૧૯૯૫ - '૯૬ થી ૨ 000 - '૦૧ દરમિયાન ભારતના કુલ રોકાણમાં વિદેશી રોકાણનું પ્રમાણ વધ્યું છે . ૧૯૯૫-૯૬ થી ૨000 - '૦૧ દરમિયાન થયેલો વાર્ષિક સરેરાશ વધારો ૪.૮૫ અબજ ડૉલર જેટલો હતો જે લક્ષ્યાંકના ૫૦ ટકા જેટલો છે . આમ વિદેશી રોકાણમાં નોંધપાત્ર સુધારણા થઈ નથી .

( iii ) આયાતવૃદ્ધિ : નિકાસોની સરખામણીમાં આયાતો વધુ ઝડપથી વધી છે . ૧૯૯૧-૯૨ માં ભારતની નિકાસો રાષ્ટ્રીય આવકના ૭.3 ટકા હતી તે વધીને ૨000 - '૦૧ માં ૯.૮ ટકા થઈ છે , જયારે આ જ સમયગાળામાં ભારતની આયાતો રાષ્ટ્રીય આવકના ૮.3 ટકાથી વધીને ૧૩.૦ ટકા થઈ છે .

(iv) આર્થિક વિકાસ : ૧૯૮૦ - '૮૧ થી ૧૯૯૦ - '૯૧ ના દાયકામાં આર્થિક વિકાસનો સરેરાશ દર 5.6 ટકા હતો જ્યારે ૧૯૯૦-૯૧ થી ૨000 - '૦૧ ના દાયકામાં ૫.૬ ટકા હતો . ૧૯૯૪-૯૫ થી ૧૯૯૬-૯૭ દરમિયાન વિકાસનો જે દર ( ૭ ટકા ) સિદ્ધ થયો હતો . તે એના પછીનાં ૪ વર્ષોમાં જાળવી શકાયો ન હતો .

( v ) ગરીબી : ૧૯૮૦ - '૮૧ થી ૧૯૯૦ - '૯૧ ના દાયકાની સરખામણીમાં ૧૯૯૦-૯૧ થી ૨000 '0૧ ના દાયકામાં ગરીબીમાં ધીમી ગતિએ ઘટાડો થયો છે . કારણ કે વૈશ્વિકીકરણનો લાભ મહદ્અંશે ઉદ્યોગોને અને શહેરી વિસ્તારોને પ્રાપ્ત થયો છે . જયારે ખેતીક્ષેત્ર અને ગ્રામીણ વિસ્તારો એનાથી વંચિત રહ્યાં છે . પરિણામે આવક અને સંપત્તિની વહેંચણી વધુ અસમાન બની છે.

( vi ) રોજગારી : ૧૯૮૩ - '૯૪ દરમિયાન રોજગારીવૃદ્ધિનો વાર્ષિક સરેરાશ દર ૨.0૪ ટકા હતો તે ઘટીને ૧૯૯૪-૨000 દરમિયાન 0.૯૮ ટકા થયો છે . પરિણામે બેરોજગારીનો દર જે ૧૯૯૩-૯૪માં ૬.0૩ ટકા હતો તે વધીને ૧૯૯૯-૨000 માં ૭.0૨ ટકા થયો છે . એનું મુખ્ય કારણ એ છે આ સમયગાળા દરમિયાન ખેતીક્ષેત્ર અને સામાજિક સેવાઓના ક્ષેત્રમાં રોજગારી ઘટી હતી.

## 6) ભારતમાં વર્તમાન ઔદ્યોગિક નીતી –

(૧) પ્રસ્તાવન - ભારતમાં આઝાદી મળ્યા બાદ 1949 માં પ્રથમ ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી હતી . ભારતમાં મહાલનોબિસ કમિટીની ભલામણો પ્રમાણેની ઉદ્યોગો અંગેની વ્યુહરચના અમલમાં મૂકવા 1956 માં બીજી ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી હતી. વિશ્વના બદલાયેલા આર્થિક સંજોગોને અનુરૂપ ભારતે 24 જુલાઈ 1991 ના રોજ નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરી છે . આ નીતિમાં ખાનગીકરણ , ઉદારીકરણ અને વૈશ્વિકીકરણને મહત્ત્વ અપાયું છે .

## (૨) વર્તમાન ઔદ્યોગિક નીતિના ઉદેશો-

(1) ભારતીય નિયોજકોના કૌશલ્યનો પૂર્ણતમ ઉપયોગ કરવો .

(2) ભારતીય ટેક્નોલૉજીના વિકાસને પ્રોત્સાહન મળે એ માટે સંશોધન અને વિકાસના પ્રયત્નોને ઉત્તેજન આપવું .

(3) મૂડીરોકાણનો દર વધારવો .

(4) કાર્યક્ષમતા સુધારવી અને ઉત્પાદકતા વધારવી .

(૫) ઇજારાયુક્ત પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવી .

(૬) જાહેર સાહસો જે ક્ષેત્રો માટે યોગ્યતા ધરાવે છે માત્ર તે જ ક્ષેત્રો તેમને સોંપવાં .

(૭) કામદારોને રોજગારીની , તાલીમની અને સુરક્ષાની સગવડો આપવી કે જેથી ટેક્નોલૉજિકલ પરિવર્તનો તેમને નુકસાન ન કરે .

(3 ) નવી ઔદ્યોગિક નીતિના પગલા-

( ૧ ) બિનજરૂરી નિયંત્રણો અને અંકુશો દૂર કરવાં અને ખાનગી નિયોજકોને ઉત્પાદન તથા રોકાણની વધુ સ્વતંત્રતા આપવી .

( ૨ ) હરીફાઈનાં પરિબળોને પ્રોત્સાહન આપવું અને ભાવતંત્ર દ્વારા સાધનોની ફાળવણી થાય તેવી પ્રથા અપનાવવી .

( ૩ ) ખાનગી નિયોજકોને ઉદ્યોગની સ્થાપના અને વિકાસ માટે જરૂરી મૂડી સહેલાઈથી મળી રહે એ માટે મૂડીબજાર વિકસાવવું .

( ૪ ) વિદેશી મૂડી અને વિદેશી ટેક્નોલૉજીને આવકાર આપવો

( ૫ ) જાહેર ક્ષેત્રના કાર્યવિસ્તાર પર મર્યાદા મૂકવી અને ખાનગી ક્ષેત્રના વિકાસને મોકળું મેદાન આપવું .

## (૪) નવી ઔદ્યોગિક નીતિના મુખ્ય મુદા-

### ( ૧ ) પરવાના અને રજિસ્ટ્રેશન નાબૂદી –

દેશમાં નવો ઉદ્યોગ શરૂ કરવા તેમ જ ચાલું ઉદ્યોગના વિસ્તરણ માટે ૧૯૫૧ ના ઉદ્યોગોના કાયદા હેઠળ પરવાનો મેળવવાનું જરૂરી હતું . નવી નીતિ માત્ર પાંચ ઉદ્યોગો સિવાયના બાકીના બધા જ ઉદ્યોગો માટે પરવાના પદ્ધતિ નાબૂદ કરવામાં આવી છે . પરવાના પદ્ધતિ હેઠળ રહેલા પાંચ ઉદ્યોગોમાં સલામતી અને વ્યૂહાત્મક દૃષ્ટિએ અગત્યનાં એવાં સંરક્ષણ સાધનો , ઇલેક્ટ્રોનિક ઍરોસ્કેપ , ઔદ્યોગિક દારૂગોળો , સિગારેટ અને જોખમી રસાયણોના ઉદ્યોગોનો સમાવેશ થાય છે . આ સિવાયના ઉદ્યોગોમાં હવે ખાનગી ક્ષેત્રને મૂડીરોકાણ કરવાની છૂટ મળે છે

### ( ૨) વિદેશી ટેક્નોલૉજીના કરાર અંગે –

- ઉચ્ચ અગ્રતા ધરાવતાં ક્ષેત્રોમાં રોયલ્ટી પેટે રૂ.એક કરોડની ચૂકવણીની મર્યાદામાં રહીને વિદેશી ટેકનોલોજીની આયાત કરવાની પરવાનગી . આવું પેમેન્ટ કરાર થયેથી ૧૦ વર્ષ સુધી દેશમાં કુલ વેચાણના ૫ % રોયલ્ટી અથવા ઉત્પાદન શરૂ કર્યાના સાત વર્ષ સુધી કુલ વેચાણના ૮ ટકાની મર્યાદામાં રહેવું જોઈએ.
- જો પેમેન્ટ માટે વિદેશી હૂંડિયામણની આવશ્યકતા ન હોય તેવા અગ્રતા ધરાવતા ઉદ્યોગમાં વિદેશી ટેકનિક સેવાની છૂટ
- સ્વદેશમાં વિકસાવેલી ટેકનોલોજીના વિદેશી પરીક્ષણ માટે હવે અગાઉથી મંજુરી લેવાની રહેતી નથી.
- જે વિદેશી કંપનીઓ માર્કેટીગ કૌશલ્ય ધરાવે છે. તેને આપણી નિકાસો વધારવા સહાયરૂપ થવા પ્રોત્સાહનો આપવા.

## ( 3 ) વિદેશી મૂડીરોકાણ અંગે ઉદારતા-

- ૧૯૭૩ ના ‘ ફેરા ( Foreign Exchange Regulation Act ) ના કાયદા હેઠળના 34 ઉદ્યોગોમાં ૪૦ % વિદેશી મૂડીરોકાણની જે છૂટ છે તે વધારીને ૫૧ % પર લઈ જવામાં આવી છે . આ ઉદ્યોગોમાં ટ્રાન્સપોર્ટેશન , ફૂડ પ્રોસેસિંગ , હોટેલ્સ , ટૂરિઝમ , ખાતરો , કૃષિયંત્રો , કેમિકલ્ વગેરેનો સમાવેશ થાય છે .
- જો વિદેશી મૂડીરોકાણકરો તેમની ડિવિડન્ડની રકમ વિદેશી હૂંડિયામણમાં લઈ જવા માંગતા હોય તો તે નિકાસ કમાણીમાંથી મેળવેલી હોવી જોઈએ .
- જુલાઈ ૨૦૦૮ માં રિફાઈનરી પ્રોજેક્ટસ , પાવર પ્રોજેક્ટસ , અને ઈ - કૉમર્સ પ્રવૃત્તિઓમાં 100 ટકા વિદેશી મૂડીરોકાણની છૂટ આપવામાં આવી છે .
- હાલ માત્ર મલ્ટીપલ બ્રાંડ છૂટક વેચાણ , એટમિક એનર્જી , લોટરી , જુગાર અને સટ્ટાની પ્રવૃત્તિઓ વિદેશી રોકાણકારો માટે પ્રતિબંધિત છે .

## (૪)જાહેરક્ષેત્રનાં સાહસો અંગેની નીતિ – -

-અગત્યના ચાર  ક્ષેત્ર જાહેરક્ષેત્ર માટે અનામત રાખવામાં આવ્યા -  અણુ ઊર્જા , અણુ શક્તિ , સંરક્ષણ અને રેલવ્યવહારનો સમાવેશ ,

- અનામત ન રખાયેલાં ક્ષેત્રોમાં પણ જાહેર સાહસોના પ્રવેશને મંજૂરી આપવામાં આવશે . જાહેરશે સાહસોમાં જે મૂડીરોકાણ કરવામાં આવ્યું છે તેની સમીક્ષા કરવામાં આવશે .

-સાહસોમાં સરકારનું જે શેર મૂડીરોકાણ છે તેનો કેટલોક હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ , નાણાકીય સંસ્થાઓ , જાહેર જનતા અને કામદારોને ઑફર કરવામાં આવશે ,

-જાહેરક્ષેત્રની કંપનીના બોર્ડને વધુ ધંધાદારી બનાવવામાં આવશે અને તેને વધુ સત્તાઓ અપાશે .

-  મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિઝ પદ્ધતિ દ્વારા જાહેર સાહસોની કામગીરી સુધારવા મહત્તમ અપાશે.  તેમાં મૅનેજમેન્ટને વધુમાં વધુ સ્વતંત્રતા અપાશે . સ્વતંત્રતા સાથે જવાબદારીનો ખ્યાલ રાખવામાં આવશે .

- જાહેરક્ષેત્રે બિનકાર્યક્ષમ અને માંદા એકમોના પુનરુત્થાન માટે બોર્ડ ઑફ ઇન્ડસ્ટ્રિયલ ફાઇનાન્સ અને રિકન્સ્ટ્રકશન ( BIFR ) નામની સંસ્થા કામગીરી બજાવશે.

(૬) ઇજારાશાહી ધારામાં છૂટછાટો –

આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અને પ્રતિબંધાત્મક વેપારી રીતરસમો રોકવા માટે જૂન , ૧૯૭૭ થી . ઇજારાશાહી નિયંત્રણ ધારો ( MRTP કાયદો ) અમલમાં છે . ૧૯૮૫ - '૮૬ ના બજેટમાં કલમના એક જ ઝાટકે MRI કંપનીની અસ્કામત મર્યાદા રૂ . ૨૦ કરોડ પરથી વધારીને રૂ . ૧૦૦ કરોડ કરવામાં આવી હતી . નવી નીતિમાં MRI કંપની માટેની અસ્કામત મર્યાદા સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે . એના બદલે ૨૫ ટકા બજાર પર અંકુશ ધરાવના કંપનીઓ હવે ઇજારદાર કંપનીઓ ગણાશે.,. તે સિવાયની કંપનીઓએ નવા એકમની સ્થપના ,વિસ્તરણ ,જોડાણ,ટેક ઓવર, ડીરેકટરોની નિમણુંક માટે કેન્દ્રસરકારની મંજુરી લેવી પડશે નહી.

(૭)) મૂડીમાલની આયાતની છૂટ અંગે –મૂડીવસ્તુની આયાતના પ્રોજેક્ટ માટે આપોઆપ મંજુરી

-જ્યાં વિદેશી હુંડીયામણ પ્રાપ્ત કરવાની ખાતરી આપી હોય.

-પ્રોજેક્ટના પ્લાન્ટ અને સાધનોના કુલ મૂલ્યના ૨૫ ટકા કરતાં ઓછી મૂલ્ય મૂડીવસ્તુની આયાત થતી હોય.તો ૨ કરોડ રૂ. સુધીની મર્યાદામાં આપોઆપ મંજુરી.

(૮) ઉદ્યોગોનાં સ્થળ અંગેની નીતિ : આ નીતિમાં ૧૦ લાખથી ઓછી વસ્તીવાળા શહેરમાંઔદ્યોગિક એકમો સ્થાપવા કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી મેળવવાની જરૂર રહેશે નહિ. ૧૦ લાખથી વધુ વસ્તીવાળા વિસ્તારમાં ઈલેક્ટ્રોનિકસ , કમ્પ્યુટર, સોફ્ટવેર જેવાં બિન પ્રદુષણકરી ઉદ્યોગો સિવાયના ઉદ્યોગો ૨ કી.મી.ની ત્રિજીયાની ભાર સ્થપવા પડશે.

(૯) બ્રોડ - બેંડિંગની સગવડ – વર્તમાન એકમો જો પ્લાન્ટ કે મશીનરીના વધારાના મૂડીરોકાણ વગર વસ્તુ બનાવી શકતા હોય તો નવી બ્રોડ બંડીગ ની સગવડ અપાશે.

(૧૦) ઇક્વિટી રૂપાંતરની જોગવાઈ નાબૂદ - નવાં સાહસો માટે નાણાકીય સંસ્થાઓ તરફથી અપાતી અનિશ્ચિત મુદતી લોનો પાછળથી શેરોમાં ફેરવવાની જે જોગવાઈ છે. તે નાબુદ કરવામાં આવે છે.

## (6) ભારતમાં વર્તમાન ઔદ્યોગિક નીતિનું મૂલ્યાંકન-

(1) પ્રસ્તાવના – નાણાપ્રધાન મનમોહનસિંઘે ૧૯૯૧માં નોધ પાત્ર સુધરા ઔદ્યોગિક નીતિમાં કર્યા જે "આર્થિક સુધારા " તરીકે ઓળખાય છે.

### (2) વર્તમાન ઔદ્યોગિક નીતિના ફાયદા (લાભ)-

(૧) કાર્યક્ષમતા વધી - ઔદ્યોગિક પરવાના નીતિ , વિદેશી મૂડીરોકાણ તથા વિદેશી ટેકનોલોજી ક્ષેત્રે લેવાયેલ પગલાં એ ઉદ્યોગોના પ્રોજેક્ટનો ખર્ચ ઘટાડ્યો છે . દેશના ઉત્પાદનના સાધનોનો વધુ ઉત્પાદકીય ઉપયોગ શક્ય બનાવ્યો છે . વિદેશી માર્કેટિંગ અને મેનેજરીયલ નિષ્ણાતોની સેવા પ્રાપ્ત થતાં તથા ટેકનોલોજી પ્રાપ્ત થતાં ઉદ્યોગોની કાર્યક્ષમતા વધી છે . દેશના ઉદ્યોગો વૈશ્વિક સ્પર્ધા કરવા શક્તિમાન બન્યા છે .

(2) ઉદારીકરણ - નવી નીતિમાં ઔદ્યોગિક વિકાસને અવરોધતા અમલદારશાહી અવરોધો પરવાના મુક્તિથી દૂર થયા છે . માત્ર ૭ ઉદ્યોગો માટે જ પરવાનો મેળવવો ફરજિયાત રહ્યો છે . આ ઉપરાંત MRTP કમિશનની જગ્યાએ યો છે હરીફાઈ મિશન સ્થપાતાં હરીફાઈને અવરોધતા પરિબળો દૂર થતાં , ઔદ્યોગિક વિકાસ માટે ઉત્તમ વાતાવરણ પ્રાપ્ત થયું છે,

( 3 ) જાહેર ક્ષેત્રની કાર્યક્ષમતા - જહેરોત્ર માટેના અનામત ઉદ્યોગોની યાદીમાં 17 થી ઘાડી 6 ઉદ્યોગો જ રહેતાં . બિનકાર્યક્ષમ જાહેરક્ષેત્રનું મહત્ત્વ ઘટાડી , ખાનગી ક્ષેત્રને આગળ આવવા પ્રોત્સાહન અપાયું છે . જાહેરક્ષેત્રના માંદા એકમોને પણ BIER હેઠળ લઈ જવાની યોગ્ય જોગવાઈ કરાઈ છે . મુડીઉદ્યોગો , બેંકિંગ અને વીમા ક્ષેત્રે ખાનગી ક્ષેત્રને પ્રવેશવાની છૂટ આપી . અત્યાર સુધી ઈજારાશાહી ભોગવતા જાહેરક્ષેત્રને યોગ્ય રીતે હરીફાઈ કરી કાર્યક્ષમતા વધારવાની ફરજ પાડી છે .

( 4 ) નાના ઉદ્યોગો અંગે - વર્તમાન ઔદ્યોગિક નીતિમાં નાના ઉદ્યોગોને અનામત દ્વારા રક્ષણ આપવાને બદલે , યોગ્ય રીતે હરીફાઈક્ષમતા વધારતા પગલાં આવકારદાયક છે . સસ્તાં કરતાં પૂરતા અને ગુણવત્તાવાળા ધિરાણ ઉપર મુકાયેલ ભાર આવકાર્ય છે . નાના , ટીવી અને ગ્રામોદ્યોગના વિકાસને વેગ આપવા વિવિધ પ્રોત્સાહનો અપાયા છે . આ ઉદ્યોગોમાં ટેક્નોલોજી સુધરે અને હરીફાઈલમતા વધે તે દિક્ષાના પ્રયત્નો આવકાર્ય રહ્યા છે .

( 5 ) હૂંડિયામણ અંગે - વર્તમાન નીતિની મહત્ત્વની જોગવાઈ એ છે કંપની જે હૂંડિયામણ ખર્ચે છે તેને શેર મૂડી કે નિકાસ દ્વારા મેળવવું પડશે . તેની રોયલ્ટીની ચુકવણી પણ નિકાસ કમાણી સાથે સાંકળવામાં આવી છે . આથી હૂંડિયામણની કટોકટી હળવી બનશે .

( ૬) વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ - ભારતના ઔદ્યોગિક વિકાસ માટે પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ અનિવાર્ય હતું. આ દિશામાં અનેક પ્રોત્સાહક પગલાં લેવાતા , તેમાં નોંધપાત્ર વધારો થયો છે . ઉચ્ચ અગત્યના ઉદ્યોગોમ વિદેશી રોકાણોએ આર્થિક વિકાસને ધક્કો મારવાનું મહત્વનું કાર્ય કર્યું છે .

## 3 . નવી ઔદ્યોગિક નીતિના ગેરફાયદા ( ગેરલાભ ) -

(૧) રોજગારીના સર્જન અંગે ઉપેક્ષા : નવી ઔદ્યોગિક નીતિમાં અદ્યતન ટેકનોલોજી સાથે વિકાસના મુદ્દાને વધુ મહત્ત્વ અપાયું છે . પરંતુ રોજગારીના મુદ્દા તરફ દુર્લક્ષ્ય સેવાયું છે . ઘણા જૂના બિનકાર્યક્ષમ એકમો સરકારની સહાય નીતિને લીધે ટકી રહ્યા હતા ત્યાં હવે બેકારી સર્જાવા લાગી છે . નવી નીતિમાં હરીફાઈમાં ટકવા કંપનીએ અદ્યતન મૂડીપ્રધાન ટેક્નોલોજી અપનાવવી પડે છે . પરિણામે રોજીની તકોનું સર્જન ઓછું થતાં બેકારીનો પ્રશ્ન તીવ્ર બને છે . આ ઉપરાંત અદ્યતન મોટા ઉદ્યોગો સામે નાના ઉદ્યોગો નહીં ટકી શકતાં પણ બેકારી સર્જાઈ છે .

( 2 ) ખાનગીકરણ માત્રથી કાર્યક્ષમતા આપોઆપ વધશે નહીં - નવી નીતિમાં એવું માની લેવાયું છે કે ખાનગીકરણ કરવાથી આપોઆપ ઉદ્યોગની કાર્યક્ષમતા વધી જશે . પરંતુ વાસ્તવમાં તો હરીફાઈ વગરનું ખાનગીકરણ , એક સમયે જાહેર ક્ષેત્રની જેવી ઇજારાશાહી હતી , તેવી ખાનગી ક્ષેત્રને પૂરી પાડતાં કાર્યક્ષમતા વધશે નહીં . વાસ્તવમાં કાર્યક્ષમતાનો આભાર માળખાકીય સુધારાનો અમલ સબસીડી અને ભાવ નિયંત્રણોની નાબૂદી , રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હરીફાઈ માટે મુક્તતા ઉપર છે .

(૩) વિદેશી રોકાણો અંગે - વિદેશી મૂડીને 51 % હિસ્સો આપવાની છૂટથી આપોઆપ વિદેશી મૂડી ભારતમાં , રોકાણ માટે દોડી આવશે તેમ માનવું ભૂલભરેલું છે . જયાં સુધી સરકારની તુમારશાહી દૂર નહીં કરવામાં આવે છે બીજા દક્ષિણ પૂર્વના દેશો જેવી સવલતો , જેવી કે નિયમિત અને સસ્તી વીજળી , પાણી , દૂરસંચાર , ટેલિફોન , ટેક્ષ ફેક્સ તથા ટ્રાન્સપોર્ટેશન અને વીમાની સેવા આપી શકીશું નહીં ત્યાં સુધી દોડી આવશે નહીં . વર્તમાનમાં મોટી આંતરરાષ્ટ્રીય કંપનીઓ ભારતના આંતરિક વેપારના ક્ષેત્રે પ્રવેશવા થનગની રહી છે . જે દે લાખો વેપારીના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ બને તેમ છે . ભારતમાં 1991-92 થી 2010-11માં પ્રત્યક્ષ વિદેશી રોકાણો ( વિદેશીઓ + NRI ) નો ટકાવારી હસ્સો ઘટવાનું અને FII નો પોર્ટફોલિયો રોકાણનો હિસ્સો વધવાનું વલણ અર્થતંત્રમાં અનિશ્ચિતતા સર્જી શકે છે . FII દ્વારા આવતા રોકાણો ટૂંકાગાળાના નફાના હેતુથી આવતા હોવાથી મૂડીની નાસભાગની શક્યતા વધુ રહે છે.

( 4 ) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ : MRTP Act હેઠળની ઈજારાશાહીને નિયંત્રિત કરતી રોકાણ મર્યાદા ના કરાતાં મોટા ઉદ્યોગગૃહોના હાથમાં તથા બહુરાષ્ટ્રીય કંપનીઓના હાથમાં આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ વધી જશે . જે ક્ષેત્રની વિશાળકાય કંપનીઓ અન્ય નાની કંપનીઓને ગમે તે માર્ગે ગળી જઈ , આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ કરી હરીફાય નિયંત્રિત કરી , અઢળક નફો મેળવતી રીત - રસમો અમલમાં મૂકશે .

( 5 ) પ્રાદેશિક અસમાનતા વધશે : લાયસન્સ નીતિ અને વસ્તુઓમાં આવેલું ઉદારીકરણ પ્રાદેશિક અસમાનતા વધારશે . જે પ્રદેશમાં સારું ઇન્ફાસ્ટ્રક્ચર હશે અને સ્થાનિયકરણના પરિબળો અનુકૂળ હશે તે જ પ્રદેશોમાં વધુ ઉદ્યોગો સ્થપાશે અને પછાત પ્રદેશો ઔદ્યોગિક વિકાસના લાભથી વંચિત રહેશે.

## (6) ઈજારા વિરોધી પાર અવરોધક રીત રસાઓનો કાયદો [ MRTP Act ]

(1) પ્રસ્તાવના - દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રે ધંધાકીય પર્યાવરણ જાળવવા 1969 માં MRTP Act ઘડાયો છે . અને તેનો અમલ 1 ' જૂન , 1970 થી કરાયો છે . આ કાયદાનો હેતુ ઇજારો સ્થાપિત કરતી અને વેપાર પ્રતિબંધાત્મા રીતરસમો ઉપર નિયંત્રણ મૂડી તંદુરસ્ત ઔદ્યોગિક પર્યાવરણના સર્જનનો છે . આ કાયદો જમ્મુ - કાશ્મીર સિવાયના તમામ ભારતમાં લાગુ પડાયો છે .

(2) હેતુઓ-

(i ) ઇજારાનું નિયમન કરી આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ રોકવું

(ii ) જાહેર હિતને હાનિકારક ઇજારાશાહી અને બિન તંદુરસ્ત વેપાર રીત - રસમો ઉપર નિયંત્રણ મૂકવું .

1991 ની નવી ઔદ્યોગિક નીતિ બાદ પ્રથમ હેતુ જતો કરાયો છે . આથી 1991 બાદ આના બે કે ઉદ્દેશ રહ્યા છે .

( i ) ઇજારાશાહી વેપાર રીતિઓનું નિયંત્રણ

( ii ) બિન તંદુરસ્ત અને વેપાર અવરોધક રીતરસમોન નિયમન કરવું .

(3 ) MRTP નો કાયદો : આ કાયદાની ચર્ચા આપણે બે સ્વરૂપમાં કરીશું ( A ) 1970 થી અમલમાં આવે કાયદો ( B ) 1991 થી સુધારેલો કાયદો .1970 થી અમલમાં આવેલ( MRTP Act )કાયદો ઘડાયો ત્યારે જ આ કંપનીની કુલ અક્યામતો રૂ.20 કરોડ થી વધુ હોય તેને ઇજારાશાહીવાળી કંપની ગણાઈ હતી , પરંતુ 1960 માં આ મર્યાદા વધારી ર 100 કરોડની કરાઈ.

આ કાયદામાં ગેરરીતિઓ બે વિભાગમાં વહેંચી . ( i ) ઇજારાશાહી વેપાર રીત - રસમોમાં જેમાં વસ્તુના ઉત્પાદન તથા વિતરણ ઉપર કંપનીના અસરકારક વર્ચસ્વને લીધે બિનજરૂરી રીતે ઊંચી કિંમત વસૂલ કરવા ઉત્પાદન કે પુરવઠા નિયંત્રણ કરે વગેરે ( i ) વેપાર અવરોધક રીતરસમો જેમાં હરીફાઈને રોકતી કે નાશ કરતી રીતરસમો જે મુખ્ય કંપનીઓના નાના ગ્રુપ દ્વારા કરારથી અસ્તિત્વમાં આવે છે , જેમાં ચોક્કસ કંપની પાસેથી માલ ખરીદવા કે વેચવાનું વગેરે

## (૪)કાયદાકીય જોગવાઈઓ -

( 1 ) સત્તાનું કેન્દ્રીકરણ - 1965 ના ઇજારાશાહી તપાસ કમિશનના રિપોર્ટમાં કરેલ ભલામણોને ધ્યાનમાં લઈ આ કાયદો ઘડાયો છે . કમિશનના મતે ઇજારાશાહી અને વેપાર અવરોધક રીત - રસમોથી આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થયું છે .

( 2 ) એકમના વિસ્તરણ અંગે - આ કાયદા હેઠળ આવતું એકમ નવી મૂડી બહાર પાડી અથવા નવી મશીનરી દ્વારા વિતરણ કરવા ઇચ્છતું હોય તો કેન્દ્ર સરકાર પાસે મંજૂરી મેળવવા દરખાસ્ત કરવી પડે છે . સરકારને એમ લાગે કે આનાથી આર્થિકસત્તાનું કેન્દ્રીકરણ નહીં વધે તો જ મંજૂરી આપે છે .

( 3 ) નવા એકમની સ્થાપના - MRTP કાયદાની કલમ -22 મુજબ આ એકમ સાથે આંતરિક રીતે સંકળાયેલ અને ₹ 100 કરોડ કરતાં વધુ અસ્કયામતો ધરાવતા થતા એકમે નવું એકમ સ્થાપવા કેન્દ્ર સરકારની મંજૂરી મેળવી પડે છે . જે સરકારને એમ લાગે કે નવા એકમની સ્થાપનાથી આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ નહીં વધે , તથા સામાન્ય પ્રજાના કલ્યાણને નુકસાન નહીં થાય તો તેની દરખાસ્ત મંજૂર કરે છે .

( 4 ) એકીકરણ , જોડાણ કે ટેક - ઑવર : કાયદાની સેક્સન -20 નીચે આવતી કોઈપણ કંપનીએ સેક્સન – ૨૩ મુજબ કોઈ એકમનું એકીકરણ , જોડાણ કે ટેક - ઑવર કરવા કેન્દ્રની અગાઉથી મંજૂરી મેળવવી જરૂરી છે .

( 5 ) ડાયરેક્ટર અંગે - ઇજારાશાહીવાળી કંપનીના ડાયરેક્ટર કેન્દ્ર સરકારની અગાઉથી મંજૂરી વગર અન્ય કંપનીમાં ડાયરેક્ટર તરીકે નીમી શકાતો નથી .

( 6 ) રજિસ્ટ્રેશન અંગે- સેક્સન -20 નીચે આવતા એકમે નિયત સમયમાં કેન્દ્ર સરકારમાં નોંધણી ( રજિસ્ટ્રેશન ) કરાવવી સેક્સન -26 મુજબ અનિવાર્ય છે . કેન્દ્ર દ્વારા એકમને નોંધણીનું ટિફિકેટ અપાય છે .

( 7 ) સાહસનું વિભાજન - સેક્સન -20 હેઠળ આવતા ઇજારાશાહીવાળા સાહસની કામગીરી જાહેર હિતને નુકરદાન કરનાર , કેન્દ્ર સરકારને લાગે અને MRTPC નો રિપોર્ટ પણ તેની સંમતિ આપે તો , આવા સાહસનો વેપાર કે સાહસને અનેક વિભાગમાં વહેંચી શકે છે .

( 8 ) સામાજિક - આર્થિક ગણતરી - સામાજિક - આર્થિક ગણતરીને રોક્સન -28 હેઠળ ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકાર અને MRTPC ને તેમની સત્તાનો ઉપયોગ કરવાની છૂટ અપાઈ છે.

## (૫) કાયદામાં થયેલા સુધારા –

1991 માં METP ના કાયદામાં મુખ્યત્વે નીચેના સુધારા કરાયા છે .

(૧) ગેરવ્યાજબી વેપાર રીત-રસમોની નવવ્યાખ્યા- ( Unfair - Trade Practice ) અથવા ( U.T.P ) વિશે કેટલીક નવી કલમો દાખલ કરાઈ છે . ગેરવાજબી વેપાર રીતરસમો માટે ખરેખર ગ્રાહકને થયેલ નુકસાનને જ ગણતરીમાં લેવાને બદલે , તેની સાથે ગ્રાહક સમક્ષ ખોટી રીતે વસ્તુની ગુણવત્તા કે ગ્રેડ અંગે કરેલી રજૂઆતોનો પણ UTP માં સમાવેશ થશે .

( 2 ) પ્રભુત્વવાળ સાહસ ( Dominant Undertaking ) ની નવી વ્યાખ્યા – જે પ્રમાણે ‘ દેશામાં ઘતા વસ્તુ કે સેવાના કુલ ઉત્પાદન , પુરવઠા કે વહેંચણી ઉપર તેનું નિયંત્રણ ( Control ) ચોથા ભાગ ( 1/4 ) કરતાં વધુ હોય તે પ્રભુત્વવાળું સાહસ ગણાશે . ” બીજા શબ્દોમાં કહીએ તો ભારતમાં થતા ઉત્પાદન કે પુરવઠા કે વિતરણમાં તેનો હિસ્સો 25 % કરતાં વધુ હોય તે ડોમિનન્ટ અન્ડરટેકિંગ ગણાશે .

(3) વસ્તુની વ્યાખ્યામાં માપ - ગેરમાર્ગે દોરતું અથવા ખોટું પ્રોડક્ટ અંગેનું આપેલું સ્ટેટમેન્ટ પણ UTP ગણાશે .

(4) સેવાની વ્યાખ્યામાં વ્યાપ - નવા સુધારામાં બીજી સેવાઓ સાથે ચીટ ફંડ અને વાસ્તવિક મિલકતોના સોદા ( real estate transactions ) ને સમાવી લેવાયા છે .

( 5 ) MRTP કમિશનને વધુ સત્તા - MRTPC ને વધુ સત્તાઓ આપી છે , અને તે ઘણી બાબતો ઉપર ધ્યાન આપી શકે છે .

( 6 ) ડાયરેક્ટર જનરલ દ્વારા પ્રાથમિક તપાસનો વિકલ્પ - ગેરવાજબી વેપાર રીત - રસમ અંગે આવેલી ફરિયાદ સમયે પ્રાથમિક તપાસ માટે ડાયરેક્ટર જનરલ ( DG ) કહેવાની જરૂર કમિશન માટે રહેતી નથી .

( 7 ) શિક્ષાના ધોરણો વધુ કડક - ગેરવાજબી વેપાર રીતિઓ અંગે MRTPC દ્વારા કરવામાં આવેલા શિ . અંગેના હુકમોને વધુ કડક અથવા સખત બનાવાયા .

.

## (૭ ) હરીફાઈનો કાયદો - 2002 (Competition Act - 2002 ]

(૧) પ્રસ્તાવના – ૧૯૯૧ માં MRTP Act માં સુધારા કરવા પ્રયાસ કર્યો. પરંતુ હરિફાઇને પ્રોત્સાહિત કરી, વૈશ્વિક સ્પર્ધા માટે યોગ્ય વાતાવરણ સર્જવામાં અપેક્ષિત સફળતા ન મળતાં 1999 માં ભારત સરકારે ‘ હરીફાઈ નનીતિ અને કાયદો ‘( competuon Pollery and Law ) ઘડવા શ્રી એસ.વી.એસ.રાઘવનના અધ્યક્ષપણા હેઠળ એક કમિટીની રચના કરી . આ કમિટીએ તેનો રિપોર્ટ 2000 માં સરકારને સુપ્રત કર્યો . આ કમિટીની ભલામણોને ધ્યાનમાં રાખી કોમ્પીટીશન એકટ -2002 સરકારે પાસ કર્યો છે અને આ કાયદાનો અમલ 13 , જાન્યુ 2003 થી શરૂ કરાયો છે . આ કાયદો જમ્મુ અને કાશ્મીર રાજયના અપવાદ સિવાય , સમગ્ર ભારતમાં લાગુ પાડવામાં આવ્યો છે . આ કાયદો 1989 માં ઘડાયેલ : MRTP Act ને સ્થાને અમલમાં આવ્યો છે . એટલે કે જીન્યુ , 2003 થી દેશમાંથી MRTP Act નાબુદ થયો છે અને તેનું સ્થાન કોમ્પીટીશન એક્ટ લીધું છે MRTP કાયદાના અમલ માટે રચાયેલ MRTPC પણ નાબૂદ કરવામાં આવ્યો છે . કોમ્પીટીશન એક્ટના અમલ મ્ કોમ્પીટીશન કમિશન ઓફ ઇન્ડિયા ( CCI ) ની સ્થાપના કરાઈ છે . અને તેણે MRTPC નું સ્થાન લીધું છે .

## (2) કોમ્પીટીશન એક્ટના હેતુઓ ( Objectives ) –

( 1 ) હરીફાઈને અવરોધતી રીત - રસમો રોકવી .

( 2 ) બજારમાં હરીફાઈને પ્રોત્સાહન આપવું . ઉત્પાદકો હરીફાઈ કરવા પ્રેરાય તેવું આર્થિક પર્યાવરણ સર્જવું .

( 3 ) ગ્રાહકોના હિતનું રક્ષણ કરવું .

( 4 ) ભારતીય બજારમાં વેપાર સ્વાતંત્ર્યની ખાતરી આપવી .

( 5 ) બજારમાં પ્રભુત્વવાળી સ્થિતિથી ઉદ્ભવતા અનિષ્ટો રોકવા .

( 6 ) વિવિધ સ્વરૂપના જે.ડાણો દ્વારા થતી પ્રવૃત્તિનું નિયમન કરવું .

( 7 ) હરીફાઈ માટેનું વાતાવરણ સર્જવા જાગૃતતા કેળવવી અને હરીફાઈ વેગવાન બનાવવા જરૂરી તાલીમ આપવી .

( 8 ) દેશમાં ઝડપી અને સઘન આર્થિક વિકાસ સાધવા , વાજબી અને તંદુરસ્ત હરીફાઈના આર્થિક પ્રવૃત્તિઓમાં ખાતરી આપવી .

( 9 ) દેશના આર્થિક સંસાધનોનો સૌથી વધુ કાર્યક્ષમ અને અસરકારક ઉપયોગ થાય તેવી હરીફાઈ નીતિનો અમલ કરવો .

( 10 ) દેશમાં અસ્તિત્વ ધરાવતા વિભાગીય ( Sectoral ) નિયમન કરતા કાયદા સાથે હરીફાઈના આ કાયદાનું સરળ સંકલન કરવું . .

( 11 ) ભારતમાં તટસ્થ હરીફાઈના સંસ્કારો વિકસે તેવું વાતાવરણ સર્જવું

## (3) કોમ્પીટીશન એક્ટની લાક્ષણિકતાઓ ( Main Features ) –

( 1 ) આ નાનો રમને સંકલિત ( Cominect ) કાયદો છે . જેમાં માત્ર 66 સેક્સનું જ છે .

(2) આ કાયદા નીચે કોમ્પીટીશન કમિશન ઓફ ઇન્ડિયા ( CCI ) ની સ્થાપના કરાઈ છે . જે આ કાયદાના કેતુઓ સિદ્ધ કરવા માટેની કામગીરી કરે છે .

(3 ) ભારતમાં હરીફાઈ ઉપર વિપરીત અસર કરતાં કરારો ઉપર નિયંણ મૂકે છે .

(૪) તે ઔદ્યોગિક સાહસોમાં થતા એકીકરણ ,જોડાણ , ટેક - ઓવર વગેરેનું નિયમન કરે છે .

(5) આ કાયદા નીચે ભારતની કેન્દ્ર સરકારે ડાયરેક્ટર જનરલ ( D.G ) ની નિમણૂક કરી છે , જે હરીફાઈ અવરોધક થતા કરારોની વિગતવાર તપાસ કરે છે , અને CCI ને સહાયક બને છે .

(6) આ કાયદો જડ નહીં પણ પરિવર્તનશીલ છે .

(7) આ કાયદાએ MRTE એક્ટનું સ્થાન લીધું છે . એટલે કે આના અમલ સાથે 1969 માં ઘડાયેલા MRTP Act નું કોઈ અસ્તિત્વ રહેતું નથી . MRTP Act નું સ્થાન કોમ્પીટીશન એક્ટ અને MRTPC નું સ્થાન CCI એ લીધું છે .

(8) ના કાયદા હેઠળ આવેલા જજમેન્ટ સામે કોઈ પણ સિવિલ કોર્ટમાં દાવો થઈ શક્તો નથી .

(9) દેશમાં હરીફાઈનું વાતાવરણ સર્જવા આ કાયદા નીચે ‘ હરીફાઈ ફંડ ઉભું કરવાની જોગવાય છે .

(10) આ કાયદામાં શિક્ષા કરવાની સત્તા અપાયેલી છે .

(11) આ કાયદો જાહેર વિત્તિય સંસ્થાઓ , વિદેશી સંસ્થાકીય રોકાણકારો ( FII ) , બેંકો , વેન્ચર કેપિટલ ફંડસ્ , વગેરેને લાગુ પાડી શકાતો નથી .

(12) બૌદ્ધિક મિલકતોના હક્ક આપતા કરારો જેવા કે ટ્રેડમાર્ક્સ , પટન્ટ , કોપીરાઈટ , વગેરેને પણ લાગુ પાડી શકાતો નથી . ( 13 ) રાષ્ટ્રીય સલામતીના હિત માટે કે પ્રજાના હિત માટે કેન્દ્ર સરકાર કોઈ પણ સાહસને આ કાયદામાંથી અપવાદ તરીકે જાહેરા કરી શકે છે .

## (૮) ભારતની ખેતવિષયક નીતિ-

**(૧) પ્રસ્તાવના -** ખેતીક્ષેત્રનું આયોજન કરતી વખતે સરકાર અને આયોજનપંચે નીચેના ઉદેશો ધ્યાનમાં રાખ્યા હતા.

(1) વધુ જમીન ખેડાણ હેઠળ લાવીને તેમ જ જમીનની ઉત્પાદકતા વધારીને અનાજનું ઉત્પાદન વધારવું.

(2) ખેતીક્ષેત્રેમાં વસ્તીનું ભારણ ઘટાડવું.

(3) ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક અસમાનતા ઘટાડવી.

**(૨) કૃષિ વિકાસના પગલા –**

(1) સુધારેલ બિયારણ – ૧૯૬૬-૬૭ થી ભારતના ખેડૂતો ખેતીમાં વધુ ઉત્પાદકન આપતા સુધરેલ બિયારણની જાતિનો વપરાશ કરતાં થયા. ૧૯૬૬-૬૭ માં માત્ર ૧૧ લાખ હેક્ટર જમીન પર વધુ ઉપજ આપતા બિયારણનો ઉપયોગ થતો હતો. ૧૯૯૫-૯૬ માં ૭૫૮ લાખ હેકટર અને ૧૯૯૮- ૯૯ માં ૭૬૦ લાખ હેક્ટર જમીન પર એનો ઉપયોગ થયો હતો.

(2) સિચાઈની સવલત –ખેતઉત્પાદન અને ખેતઉત્પાદકતા વધરવા નાની , મધ્યમ અને મોટી કદની સિચાઈ યોજનાઓ હાથ ધરવામાં આવે છે. ૨૦૦૭ માં દેશમાં ૨.૩ કરોડ હેક્ટર જમીનને સિચાઈની સવલતો ઉપ્લાબ્ભ હતી.

(3) રસાયણિક ખતરો – ૧૯૬૬માં નવી ખેતનીતિ અમલમાં આવતાં નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશીયમ જેવા રાસાયણિક ખાતરના ઉપયોગને ઉતેજન મળ્યું છે. ૧૯૫૦-૫૧ થી ૨૦૧૦-૧૧ સુધી રાસાયણિક ખાતરનો કુલ વપરાશ ૦.૬૯ લાખ ટન થી વધી ૨૮૧.૨૨ લાખ ટન થયો.

(૪) પાક સંરક્ષણ - એક અંદાજ મુજબ ભારતમાં જંતુઓ , પશુ - પંખીઓ , રોગ , ભેજ વગેરેને લીધે દર વર્ષે ૬,000 કરોડ મૂલ્યનું ખેતઉત્પાદન નષ્ટ પામે છે .૧૯૬૫-૬૬માં ૧૭0 લાખ ટન હેક્ટર જમીનને પાકસંરક્ષણ આપવામાં આવ્યું હતું . ચોથી યોજનાનો ઉદેશ ૮00 લાખ હેક્ટર જમીનને પાકસંરક્ષણ આપવાનો હતો . જંતુનાશક દવાઓનો ઉપયોગ ૧૯૫0 - '૫૧ માં ૧૮૦ ટન હતો તે વધીને ૨૦૦૮-૦૯માં ૪૪,000 ટન થયો છે .

( ૫ ) ખેતીનું યાંત્રીકરણ - ખેતપ્રવૃત્તિમાં માનવશ્રમ તેમજ પશુપંખીઓને બદલે યંત્રો. ના ઉપયોગને ખેતીનું યાંત્રીકર કહેવામાં આવે છે . ખેતીના યાંત્રીકરણથી ઉત્પાદકતા અને ઉત્પાદન વધે છે ટ્રેકટરની વપરાશ ૧૯૫0 - '૫૧ માં ૧000 હતી તે વધીને ૧૯૯૬ - '૯૭ માં ૨ , ૨૦,૯૩૭ થઈ છે . ૧૯૮૦ - '૮૧ માં પાણી ખેંચવા માટેના ૪૩.૫ લાખ પમ્પને વીજળીનું જોડાણ મળેલું હતું અને ૧૯૯૧-૯૨માં ૯૧ લાખ પમ્પને વીજળીનું જોડાણ પ્રાપ્ત થયું હતું .

( ૬ ) ટેકાના ભાવો - ખેડૂતોને મૂડીરોકાણ પર વાજબી વળતર મળે તો જ તેઓ નવી પદ્ધતિઓ અપનાવવા અને ઉત્પાદકતા તથા ઉત્પાદન વધારવા પ્રેરાશે . આ કારણસર સરકારે ટેકાના ભાવો જાહેર કરવાની નીતિ અપનાવી છે . ટેકાના ભાવો એ લઘુતમ ભાવો છે . સરકાર લઘુતમ ભાવે ખેતપેદાશો ખરીદવા તૈયાર હોય છે . તેથી ખેડૂતોને નિશ્ચિત ભાવોની તેમ જ વળતરની ખાતરી મળે છે . ફુગાવા દરમિયાન ઉત્પાદનખર્ચ સતત વધતો હોય છે . તેથી સરકાર લગભગ દર વર્ષે ટેકાના ભાવો વધારતી રહે છે .

(૭) ખેતધિરાણની સવલત - હરિયાળી ક્રાંતિના કાર્યક્રમ હેઠળ જે નવી પદ્ધતિ અમલમાં આવી છે તે વધુ ખર્ચાળ છે . ખેતીક્ષેત્રમાં ધિરાણ વધુ જરૂરી અને વધુ મહત્ત્વનું બની ગયું છે . ખેડૂતોને ધિરાણની સગવડો પૂરી પાડવા માટે સહકારી ધિરાણ મંડળીઓ વિકસાવવામાં આવી . મોટી વેપારી બૅન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું . ગ્રામવિસ્તારોમાં બૅન્કિંગ સગવડો વિસ્તારવામાં આવી અને પ્રાદેશિક ગ્રામીણ બૅન્કો જેવી વિશિષ્ટ સંસ્થાઓ સ્થાપવામાં આવી . પરિણામે ખેતીધિરાણ ઝડપથી વધ્યું છે . ૧૯૯૧-૯૨માં રૂ . ૧૧,૨૦૨ કરોડ હતું તે ૨૦0૯ - '૧0 માં ૧,૯,૨૮૮ કરોડ થયું છે

## (૨) ખેતનીતિનાં ઇષ્ટ પરિણામો –

(૧) વૈજ્ઞાનિક ઢબના નિક્ષેપોનો ઉપયોગ - નવી ટેક્નોલૉજીના અમલના પરિણામે ખેડૂતો વૈજ્ઞાનિક ઢબના નિક્ષેપોનો ઉપયોગ કરતા થયા છે .૧૯૬૬ - '૬૭ માં ૨૨ લાખ હેક્ટર જમીન પર વધુ ઊપજ આપતાં બિયારણનો ઉપયોગ થતો હતો , જયારે ૧૯૯૭ - '૯૮ માં ૭.૬૦ કરોડ હેક્ટર જમીન પર તેનો ઉપયોગ થતો હતો . આ જ સમયગાળા દરમિયાન રાસાયણિક ખાતરોનો વપરાશ ૨.૧ લાખ ટનથી વધીને ૧.૩૫ કરોડ ટન થઈ હતી . ૨૦૦૯-૧૦માં રાસાયણિક ખાતરોની વપરાશ ૨.૬૨ કરોડ ટન થઈ છે .

(૨) ઉત્પાદનપદ્ધતિમાં પરિવર્તન - નવી ટેકનોલૉજી હેઠળ ઉત્પાદન પદ્ધતિ બદલવી પડે છે .સમયસર વાવણી કરવી, સમયસર પાણી આપવું , જંતુનાશક દવાઓનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરવો અને સમયસર લણણી કરવી એ બધું ખેડૂતોને વધુ સજાગ બનાવે છે અને યંત્રસામગ્રીનો ઉપયોગ અનિવાર્ય બનાવે છે .

(૩) કુદરત પર ઓછું અવલંબન - ખેડૂતો હવે વૈજ્ઞાનિક ઢબના નિક્ષેપોનો ઉપયોગ કરે છે , તેથી ખેતીક્ષેત્ર ઔદ્યોગિક ક્ષેત્રની નજીક આવી ગયું છે . ખેતીનું પણ આધુનિક ઢબે સંચાલન કરવામાં આવે છે અને તેથી કુદરત પરનું અવલંબન ઘટ્યું છે.

(૪) ખેડૂતોના દેષ્ટિબિંદુમાં પરિવર્તન- અગાઉ ખેડૂતો , માટે ખેતી જીવન જીવવાની એક રીત હતી . હવે તેઓ ખેતીને એક વ્યવસાય તરીકે લે છે . હવે સૌ નફા નુકસાનની ગણતરી કરીને નિર્ણયો લે છે . અગાઉ જીવનનિર્વાહના હેતુથી કરવામાં આવતી હતી . હવે ખેતી બજારલક્ષી બની ગઈ છે . ”

(૫) ઉત્પાદકતામાં વધારો : અનાજ માટે જમીનની ઉત્પાદકતા વધી છે . અનાજનું હેક્ટરદીઠ ઉત્પાદન ૧૯૬૭ '૬૮ માં ૭૮૩ કિલોગ્રામ હતું તે વધીને ૨૦૦૯ - '૧૦ માં ૧૭૯૮ કિલોગ્રામ થયું છે . અનાજમાં સૌથી વધારે ઘઉંની ઉત્પાદકતા વધી છે . ઘઉંનું હેક્ટરદીઠ ઉત્પાદન ૧૯૬૭-૬૮માં ૮૩૦ કિલોગ્રામ હતું તે વધીને ૨૦૦૯ - '૧૦ માં ૨,૮૩૦ કિલોગ્રામ થયું છે , જયારે ચોખાનું હેક્ટરદીઠ ઉત્પાદન લા ૦-૬૧માં ૧,013 કિલોગ્રામ હતું તે વધીને ૨૦૦૯ મકર '૧૦ માં ૨,૧૩૦ કિલોગ્રામ થયું છે .

(૬) ઉત્પાદનમાં વધારો - અનાજનું ઉત્પાદન ૧૯૯૫-૯૬માં ૭. ૨૪ કરોડ ટન હતું . તે વધીને ૨૦૦૯-૧૦માં ૨૧.૮૨ કરોડ ટન થયું છે . ઘઉંનું ઉત્પાદન ૧૯૬૫ - '૬૬ માં ૩.૫ કરોડ ટન હતું . તે વધીને 9-- ૧૦ માં ૮.૧ કરોડ ટન થયું છે , જયારે ચોખાનું ઉત્પાદન આ જ સમયગાળામાં ૪.૨૨ કરોડ ટનથી વધીને ૮.૯ કરોડ ટન થયું છે.

(૯) ભારતમાં ટેકનોલોજિકલ નીતિ-

(1) પ્રસ્તાવના – સાદા શબ્દોમાં કહીએ તો ટેક્નોલૉજી એ સાધન ઉપકરણો ( inputs ) અને ઉત્પાદન વચ્ચેનો ગુણોત્તર દર્શાવે છે સાધન ઉપકરણોમાં પ્રાકૃતિક અને અન્ય સાધનોના ઉપયોગનો સમાવેશ થાય છે

ટેક્નોલૉજી ચીજવસ્તુઓ અને સેવાઓના પ્રમાણ અને ગુણવત્તામાં ગ્રાહકોને પોસાય તેવા ભાવોએ સુધારો લાવી શકે છે

( i ) સાધન - ઉપકરણોની તેટલી જ સંખ્યા અથવા પ્રમાણ અને ઉત્પાદનનું વધુ પ્રમાણ .

( ii ) સાધન - ઉપકરણોની ઓછી સંખ્યા માત્રા ) અને વધુ ઉત્પાદન .

( iii ) સાધન - ઉપકરણોનો વધુ ઉપયોગ અને તે સાથે ઉત્પાદનનું વધુ પ્રમાણ .

આધુનિક સમાજ - જીવનના લગભગ દરેક પાસા ઉપર ટેક્નોલૉજીની ગહન અસર પડતી જણાય છે . વળી ટેક્નોલૉજીએ પ્રજાની જીવનશૈલી ઉપર પણ પ્રભાવ પાડવો છે

## (૨) ભારતના અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો પર ટેકનોલોજીની અસરો –

(1) કૃષિક્ષેત્ર પર ટેકનોલોજીની અસર - અદ્યતન ટેક્નોલૉજીનાં વિવિધ પાસાંઓના સંકલિત રીતે ઉપયોગ કરવાને લીધે દેશમાં હરિયાળી ક્રાંતિનું સર્જન થયું છે અને આ ક્રાંતિ તેનો પહેલો તબક્કો પૂરો કરી બીજા તબક્કામાં પ્રવેશી . છે . પ્રસ્તુત ક્રાંતિ લાવનાર મુખ્ય ટેકનોલૉજિકલ પરિબળો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

( i ) વધુ પેદાશો આપતા બિયારણનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ

( ii ) રાસાયણિક ખાતરનો બહોળો વપરાશ

( iii ) સિંચાઈની સવલતોનું વિસ્તરણ .

( iv ) જંતુનાશક દવાઓના ઉપયોગ દ્વારા પાક સંરક્ષણ .

( V ) ખેતીનાં અદ્યતન સાધનો તથા યંત્રોનો વધુ ને વધુ ઉપયોગ

( vi ) કૃષિશિક્ષણ , તાલીમ અને સંશોધન પર અપાતો વધુ ને વધુ ભાર .

તદુપરાંત , કૃષિ ક્ષેત્રે ટેકનોલૉજી અંગેની નીતિમાં નીચેની કેટલીક બાબતો પણ સમાવિષ્ટ છે .

(૧) ખેત સંચાલનની અદ્યતન પદ્ધતિઓ .

(૨) હવામાનની આગાહી માટે વધુ વૈજ્ઞાનિક , તાર્કિક અને વિશ્વસનીય પદ્ધતિઓ

(૩ ) કૃષિપેદાશો સંચય માટેની માળખાકીય સવલતોના વિકાસ દ્વારા પાકનો થતો બગાડ અટકાવવો .

( ૪) બાયોટેક્નોલૉજીના ઉપયોગ પર વધુ ભાર .

એમ કહેવાયું છે કે કૃષિ ક્ષેત્રે અદ્યતન ટેક્નોલોજીના વધતા જતા ઉપયોગને લીધે ભારતીય ખેતીના પરંપરાગત માળખામાં પરિવર્તન આવેલું જણાય છે . ‘ સ્વનિભાવ ખેતી’નું ‘ બજારલક્ષી ખેતી'માં રૂપાંતર થતું હોય છે . ‘ વિસ્તૃત ખેતી’નું સ્થાન ‘ ગહન ખેતી'એ લીધું છે તથા ‘ એક પાક પદ્ધતિ'ના બદલે ‘ બહુપાક પદ્ધતિ અપનાવાઈ રહી છે , તદુપરાંત , ખેતી ક્ષેત્રે ક્રાંતિની એક હારમાળા સર્જાઈ છે , જેમ કે , અન્ન ક્ષેત્રે ‘ હરિયાળી ક્રાંતિ ' , દૂધ અને દૂધની પેદાશોના ક્ષેત્રે ‘ શ્વેત ક્રાંતિ ' , મત્સ્ય અને દરિયાઈ પેદાશોમાં ‘ ભૂરી ક્રાંતિ ' તથા તેલીબિયાં અને ખાદ્ય તેલોમાં ‘ પીળી ક્રાંતિ ' તેમ જ બાયોગેસમાં “ બ્રાઉન ક્રાંતિ'ના યુગનાં મંડાણ થયાં છે આને પરિણામે અનાજના ઉત્પાદનમાં ગણનાપાત્ર વધારો થવા પામ્યો છે . દાખલા તરીકે , ૧૯૬૦ - '૬૧ માં અનાજનું ઉત્પાદન લગભગ ૮૨૦ લાખ મેટ્રિક ટન હતું જે ૧૯૯૦ - '૯૧ માં વધીને ૨,૨૮૧ લાખ મેટ્રિક ટન અને ૨૦૧૨-૨૦૧૩માં તે વધીને લગભગ ૨,૫૦૧ લાખ મેટ્રિક ટન જેટલું થયું હતું .

## (૨) ઉદ્યોગ ક્ષેત્ર પર ટેકનોલોજીની અસર –

(1) ઉચ્ચ કક્ષાની સામગ્રી – છેલ્લા કેટલાક દસકાઓમાં વૈજ્ઞાનિકોએ એવા અનેક પદાર્થોના ઉત્પાદન માટેની શોધ કરી છે જે આપોઆપ દુરસ્ત થાય અથવા આપોઆપ સ્વચ્છ ( self - healing or self cleaning ) થઈ જાય . તેમ જ એવી ધાતુઓ કે જે તેમના મૂળ સ્વરૂપમાં રૂપાંતરિત થઈ જાય . એ જ રીતે સૂયમ ધાતુઓ અને . એડવાન્ડ સૂક્ષ્મ ધાતુઓ જેવી કે , ગ્રેફીન અને કાર્બન નેનો ટ્યુબ પણ ઔદ્યોગિક ક્ષેત્રને મહત્ત્વની રીતે અસર કરી છે . એ જ પ્રમાણે અનેક દવા કંપનીઓ કેન્સર જેવી બીમારીની સારવાર માટે સૂક્ષ્મ - કણો અંગે સંશોધન ક્ષેત્રે મહત્ત્વની કામગીરી કરી રહી છે .

(૨) ૩ - ડી પ્રિન્ટિંગ - અત્યાર સુધી ૩ - ડી પ્રિન્ટિંગનો ઉપયોગ મહદંશે પ્રોડક્ટ ડિઝાઇનરો અને અમુક મેન્યુફેકચરરો દ્વારા કરવામાં આવતો હતો , પરંતુ તાજેતરનાં વર્ષોમાં તેના વ્યાપમાં ઘણો વધારો થવા પામ્યો છે તેમ જ તેની કિંમતમાં પણ ઘટાડો થઈ રહ્યો છે જેના પરિણામે આગામી વર્ષોમાં તેનું પ્રસારણ વધીને ઉપભોક્તા વર્ગ તથા ઉત્પાદક વર્ગ સુધી પહોંચી જવા પામશે .

( ૩ ) ઊર્જાનો પુનઃસંચાર - ખાણ - ખનીજનાં સાધનો જેમ કે ઈંધણના સ્રોતો તેમજ અન્ય પ્રાકૃતિક સાધનો પૂર્ણરૂપે વપરાઈ જાય તેવાં છે અને તેમને પુનઃસ્થાપન કરી શકાતાં નથી . આથી માનવ - સમાજને ટકાઉ અને પુનઃસંચારિત એવાં ઊર્જાનાં સાધનો વિકસાવવાની તાતી જરૂરિયાત છે , જેમ કે , સૌરઊર્જા , પવન ઊર્જા , હાઇડ્રોઇલેક્ટ્રિક , સમુદ્રી લહેરો વગેરે ઊર્જાનાં સાધનો એવાં છે કે જે ઘણા ઘણા લાંબા સમય સુધી ઉપયોગમાં આવી શકે છે અને તેમાં ઘટાડો થતો નથી તેમ જ વાયુમંડળને પણ તે વિપરીત અસર પહોંચાડતા નથી .

## (૩ ) સેવા ક્ષેત્ર પર ટેકનોલોજીની અસરો –

(૧) ઓટોમેશન ( Automation ) : છેલ્લા કેટલાક દસકાઓમાં શારીરિક રીતે અઘરાં , ખતરનાક અને અણગમતાં કાર્યો જેમ કે વેલ્ડિંગ ,સ્પ્રે -પેઇન્ટિંગ વગેરે ઔદ્યોગિક રોબોટ ( industrial robots ) એ કરવા જોવા મળે છે . વળી , મેન્યુફેક્ચરિંગ કાર્યમાં આ રોબૉટનો માનવ - શ્રમના અવેજમાં ઉપયોગ કરી શકાય છે . એ જ રીતે , સફાઈ તથા સ્વચ્છતાની જાળવણી વળી શસ્ત્રક્રિયા માટે રોબૉટ વપરાય છે.

(૨ ) ક્લાઉડ કમ્પ્યૂટિંગ ( Cloud Computing ) - આગામી વર્ષોમાં ક્લાઉડ કોમ્પ્યુટીંગ સેવાક્ષેત્ર પર પણી મોટી અસર કરનાર છે . જેથી પ્રવર્તમાન સોફ્ટવેર વધુ ને વધુ આકર્ષક બને . વધુમાં , ક્લાઉડ કમ્યુટિંગ ઇન્ટરનેટ ઉપર પૂરી પાડવામાં આવતી સેવાઓ તથા ડેટાકેન્દ્રો ( Data Centres ) પર હાર્ડવેર અને સોફ્ટવેરની ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓનો નિર્દેશ કરે છે .

# યુનિટ -3

## સમવાય નાંણાતંત્ર

(1) સમવાય નાણાં તંત્રનો અર્થ( ખ્યાલ ) - [ Concepts of Federal Finance )

(૧)પ્રસ્તાવના –

સત્તાની વહેંચણીની દૃષ્ટિએ વિશ્વમાં પ્રવર્તતી વ્યવસ્થાને બે વિભાગમાં વહેંચી શકાય . ( i ) એકતંત્રી નાણાંમંત્ર અને ( i ) સમવાય નાણાંમંત્ર ( Federal Finance ) એકતંત્રી વ્યવસ્થામાં તમામ સત્તાઓ બંધારણ દ્વારા કેન્દ્રને સોંપવામાં આવે છે . કેન્દ્ર રાજ્યો કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને જે સત્તા સોંપે તે જ ભોગવી શકે છે  જ્યારે સમવાય નાણાંમંત્રમાં બંધારણમાં કેન્દ્ર અને રાજયોને કેટલીક જવાબદારીઓ સોંપવામાં આવે છે . દરેક સ્તરે જવાબદારીઓને પહોંચી વળવા જરૂરી ખર્ચ માટે ક્યા માર્ગે નાણાકીય સાધનો ઊભા કરી શકશે તેની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે છે

સમવાય નાણાં વ્યવસ્થામાં કેન્દ્રમાંથી રાજયોમાં નાણાકીય સાધનોની ફાળવણી સામાન્ય રીતે ત્રણ માર્ગે થાય છે . ( i ) નાણાંપંચ કેન્દ્રની કરવેરાની આવકનો અમુક ભાગ રાજયોને ફાળવવાની તથા ગ્રાંટની ફાળવણીની ભલામણો કરે છે .

( i ) આયોજન પંચ કેન્દ્રમાંથી ખાસ કરીને યોજનાકીય બાબતોમાં લોન અને ગ્રાંટની રાજયોને ફાળવણી અંગે ભલામણો કરે છે .

( ii ) કેન્દ્રીય મંત્રાલય તેની કેટલીક રાષ્ટ્રીય યોજનાઓનો અમલ કરાવવા રાજયોને ગ્રાંટ તરીકે જે નાણાકીય સાધનોની ફાળવણી કરે છે તે .

## (૨) સમવાય વ્યવસ્થામાં વહેંચણીના સિદ્ધાંતો –

કોઈ પણ સમવાય વ્યવસ્થામાં નીચેના ચાર સિદ્ધાંતોની હિમાયત . થાય છે .

( 1 ) સ્વાયત્તતા અને જવાબદારી : દરેક સરકારને તેની આંતરિક નાણાકીય બાબતોમાં સ્વાયત્તતા અને સ્વતંત્રતા મળવી જોઈએ . તેની જવાબદારીને પહોંચી વળવા પૂરતા નાણાકીય સાધનો મેળવવાની સત્તા હોવી જોઈએ . રાજ્યની જે આગવી બાબતો છે તેમાં કેન્દ્રએ કોઈ હસ્તક્ષેપ કરવો ના જોઈએ . તંદુરસ્ત સમવાય વ્યવસ્થા જાળવવા રાજયો વચ્ચેની અસમાનતા નિવારવા જો કે કેટલાંક નિયંત્રણો જરૂરી છે .

( 2 ) સાધનોની પર્યાપ્તતા અને સાપેક્ષતા : કેન્દ્ર અને રાજ્ય બંને યુનિટને તેમની વર્તમાન અને ભાવિ જવાબદારીઓને પહોંચી વળવા પર્યાપ્ત અને સાપેક્ષ સાધનો ફાળવવા જોઈએ . દા.ત. રાજ્યોના માથે શિક્ષણ , જાહેર આરોગ્ય વગેરે જવાબદારી પહોચી વળવા પૂરતા નાણા ના હોય ત્યારે કેન્દ્ર દ્વારા રાજ્યોને ગ્રાન્ટ કે અન્ય સ્વરૂપે મદદ કરવી જોઈએ.

(3 ) એકરૂપતા અને સમાનતા : સંયુક્ત જવાબદારી ઉઠાવવા રાજયો ઉપર સમાનતાના ધોરણે બોજો નાંખવો જોઈએ . દરેક રાજ્યનો સમવાય કરમાં હિસ્સો તેની શક્તિ અને આર્થિક સ્થિતિ પ્રમાણે હોવો જોઈએ . કરમાં સમાનતા હોવી જોઈએ . આમ છતાં સમાજના પછાત વિભાગ માટે અને પછાત રાજ્યો માટે આ સિદ્ધાંતમાં બાંધછોડ થઈ શકે . કરમાં સમાનતા જાળવવા પ્રત્યક્ષ અને પરોક્ષ કરમાં સમતુલા જાળવવી જોઈએ .

( 4 ) વહીવટી કાર્યક્ષમતા અને કરકસર : કરવેરા નાંખવાની અને ઉઘરાવવાની સત્તા કેન્દ્ર અને રાજયો વચ્ચે એવી રીતે વહેંચવી જેથી કાર્યક્ષમ અને કરકસર પૂર્વક વહીવટ થઈ શકે .

## (૩) સમવાય નાણાતંત્રમાં જવાબદારીઓ અથવા કાર્યોની વહેચણી-

સમવાયતંત્રી સરકાર એટલે એવી રાજ્યવ્યવસ્થા જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સત્તાઓનું તેંમજ જવાબદારીઓનું સ્પષ્ટ રીતે વિભાજન થયેલું છે,

સમવાયી નાણામંત્રનાં મુખ્ય ચાર લક્ષણો નોંધપાત્ર છે –

( 1 ) આવકના સ્રોતોનું વિભાજન - સરકાર માટે આવકનું મુખ્ય સાધન કરવેરા છે . આથી ભારતમાં કેન્દ્ર એને રાજય સરકારો વચ્ચે કરવેરા વહેંચી આપવામાં આવ્યા છે . આ વહેંચણી એક ચોક્કસ સિદ્ધાંત પર આધારિત છે અને તે એ છે કે જે કરવેરાની અસર સમગ્ર દેશના આર્થિક જીવન પર પડતી હોય તે કેન્દ્ર સરકારને સોંપવામાં આવે છે .દા.ત. આવકવેરો . જે કરવેરાની અસર રાજયની સીમાઓ પૂરતી મર્યાદિત હોય એ રાજયોને સુપરત કરવામાં આવે છે . દા .ત . , જમીન મહેસૂલ .

(૨) ખર્ચની જવાબદારીઓનું વિભાજન- બંધારણમાં કેન્દ્ર અને રાજયો વચ્ચે ખર્ચની જવાબદારીઓનું પણ વિભાજન કરવામાં આવ્યું છે. દા.ત.સંરક્ષણ અને વહીવટ . એવી જ રીતે રાજપ સરકારીના કેટલાક ખચ વિકાસલક્ષી છે દા . ત . ખેતી અને ઉધોગો , સ્વાથ્ય અને શિક્ષણ , ઉદ્યોગો અને સામાજિક સલામતી . જયારે રાજય સરકારોના કેટલાક કચી બિનવિકાસલક્ષી છે . દા . ત .. વહીવટી સેવાઓ , પેન્શન અને વ્યાજની ચુકવણી .

(૩) કેન્દ્રમાંથી રાજ્યો તરફ નાણાંની હેરફેરની જોગવાઈ - રાજય સરકારોને સોંપવામાં આવેલાં સાવકનાં સાધનોમાંથી પૂરતી આવક મળે કે જેથી રાજયો ખર્ચના પોતાની જવાબદારીઓ પૂરેપૂરી જાતે જ અદા કરી શકે એવું વર્તમાન યુગમાં શક્ય નથી . આ હકીકતનો બંધારણના ઘડવૈયાઓને ખ્યાલ હતો . તેથી તેમણે રાજયોને કેન્દ્ર સરકાર તરફથી દર વર્ષે નાણાકીય સાધનો મળતાં રહે એ માટે એક કાયમી વ્યવસ્થા કરી રાખી છે . આ વ્યવસ્થા હેઠળ નીચેના ત્રણ માગ દ્વારા કેન્દ્રમાંથી રાજયો તરફ નાણાંની ફેરફેર થાય છે ?

( i ) કેન્દ્રના કેટલાક કરવેરાની આવકમાં રાજ્યોની ભાગીદારી - વ્યક્તિગત આવકવેરો , વારસાવેરી . કેન્દ્રીય આબકારી જકાતો અને સ્ટેમ્પ રજિસ્ટ્રેશનની આવકમાંથી કેન્દ્ર સરકાર રાજયોને હિસ્સો આપે છે ..

( ii ) રાજ્યોને કેન્દ્રનું અનુદાન - કેન્દ્ર સરકાર રાજયોને અનુદાન આપે છે . કેન્દ્ર સરકાર રાજયોને ક્યારેક કોઈ ખાસ હેતુ માટે અનુદાન આપે છે તો ક્યારેક સર્વસામાન્ય હેતુઓ માટે અનુદાન આપે છે . રાજયના બજેટમાં ખાધ હોય અથવા સમાજકલ્યાણની યોજનાઓના અમલ માટે રાજયને નાણાંની . જરૂર હોય અથવા કુદરતી આપત્તિઓને લીધે અચાનક રાહતકાર્યો માટે રાજયને નાણાંની જરૂર પડે ત્યારે કેન્દ્ર તરફથી મનું અનુદાન ઉપયોગી થઈ પડે છે
( iii ) રાજ્યોને કેન્દ્ર સરકારની લોન - કેન્દ્ર સરકાર રાજયોને લોન પણ આપે છે . ખાસ કરીને વિકાસલક્ષી મૂડીખર્ચ કરવા હોય ( જેમ કે સિંચાઈની યોજના ) ત્યારે રાજયો કેન્દ્ર સરકાર પાસેથી લોનના સ્વરૂપમાં નાણું લે છે .

( 4 ) નાણાપંચની નિમણૂક - બંધારણની કલમ 280 ( 1 ) મુજબ રાષ્ટ્રપતિ દર પાંચ વર્ષે અથવા જરૂર જણાય ત્યારે નાણાપંચની નિમણૂક કરવાની સત્તા ધરાવે છે . નાણાપંચે નીચેની બાબતો અંગે ભલામણો કરવાની હોય છે

( i ) વિભાજનપાત્ર કરવેરાની આવકનો કેટલો હિસ્સો રાજયો માટે ફાળવવો અને એ રકમ રાજયો વચ્ચે કઈ રીતે વહેંચવી ?

( ii ) કયા સિદ્ધાંતોને આધારે કેન્દ્ર સરકારે રાજ્યોને અનુદાન આપવું ?

( iii ) સમવાયી નાણાતંત્રને સુદઢ બનાવવા માટે જરૂરી લાગતી જે બાબતો રાષ્ટ્રપતિએ સૂચવી હોય તે .

## (૨) ભારતની કેન્દ્ર અને રાજ્ય વચ્ચેની નાણાકીય વહેચણી વ્યવસ્થા –

(1) પ્રસ્તાવના - ભારતમાં 1950 થી અસ્તિત્વમાં આવેલ બંધારણની કલમો 268 થી 300 મુજબ કેન્દ્ર અને રાજયો વચ્ચે જવાબદારીઓ અને આવકના સાધનોની વહેંચણી કરવામાં આવી છે. કેન્દ્ર કે રાજય સરકારો તેમને મળેલ સત્તાની બાબતમાં કાયદા ઘડવાની સંપૂર્ણ સત્તા ધરાવે છે . ભારતની સમવાય વ્યવસ્થા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કાર્યો અને આવકના સાધનો અંગે સ્પષ્ટ વહેંચણી કરવામાં આવેલી છે .

(2) ભારતની સમવાય વ્યવસ્થા –

બે સંદર્ભમાં તપાસીશું .( અ ) કાર્યોની ફાળવણી ( બ ) નાણાકીય સાધનોની વહેંચણી વ્યવસ્થા .

(અ) કાર્યોની ફાળવણી - ભારતીય સમવાય વ્યવસ્થામાં કેન્દ્ર અને રાજયો વચ્ચે કાર્યોની (જવાબદારીઓની) વહેચણી ત્રણ યાદી

(૧) કેન્દ્ર સરકારના કાર્યોની યાદી - ભારતમાં કેન્દ્ર સરકારને સંરક્ષણ , અણુશક્તિ , રેલવે , હવાઈવ્યવહાર , જળવ્યવહાર,પોસ્ટ એન્ડ ટેલીગ્રામ , વિદેશ વેપાર જેવી ૯૭ બાબતોની જવાબદારી

( 2 ) રાજય સરકારના કાર્યોની યાદી - ભારતમાં રાજ્યોના કાર્યોની યાદીમાં કાયદો , વ્યવસ્થાતંત્ર , પોલીસતંત્ર , ન્યાયતંત્ર , જાહેર આરોગ્ય , શિક્ષણ , ખેતી જેવી 66 બાબતોનો સમાવેશ કરાયો છે .

( 3 ) સંયુક્ત યાદી : ભારતમાં કેન્દ્ર અને રાજયોની સંયુક્ત યાદીમાં આર્થિક અને સામાજિક આયોજન , સામાજિક સલામતીની વ્યવસ્થા , ઔદ્યોગિક ઝઘડા જેવી 47 બાબતોનો સમાવેશ કરાયો છે . ભારતની ઉપરોક્ત કાર્યોની ફાળવણી જોતાં કહી શકાય કે કેન્દ્રની સરખામણીમાં રાજ્યોની જવાબદારી વધુ છે . પરંતુ તેમને નાણાકીય સાધનોની અછતનો મુખ્ય પ્રશ્ન રહે છે તેથી કેન્દ્ર ઉપર વધુ અવલંબન રાખવું પડે છે . ઘણી અગત્યની બાબતો સંયુક્ત યાદીમાં મૂકી હોવાથી કેન્દ્રનો રાજ્યના કાર્યોમાં હસ્તક્ષેપ વધારે રહે છે .

## (બ) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે નાણાકીય સાધનોની વહેચણી વ્યવસ્થા-

(1) આવકવેરાની વહેચણી - કેન્દ્ર સરકારને આવકવેરામાંથી જે ઊપજ થાય છે તેમાં રાજયોનો હિસ્સો નાણાપંચની ભલામણ અનુસાર નક્કી થાય છે . પ્રથમ નાણાપંચે ભલામણ કરી તે અગાઉ આવકવે ઊપજમાથી ૫૦%રકમ કેન્દ્ર રાજ્યોને વહેચી આપતું હતું. દસમાં નાણાપંચેઆ હિસ્સો ૭૭.૫% કર્યો. આવકવેરની વિવિધ રાજયો વચ્ચે વહેંચણી કરવા માટે ( j )સ્તીનું ધોરણ અને ( ii ) આવકવેરા વસૂલાતનું ધોરણ આધાર તરીકે લેવામાં આવ્યું છે ,

(2) કેન્દ્રીય આબકારી જકાતની વહેંચણી- કેન્દ્ર સરકાર જે આબકારી જકાત નાખે છે તેમાંથી નાણાપંચે તમાકુ , દીવાસળી અને વેજિટેબલની બનાવટો – આ ત્રણ વસ્તુઓ પરની આબકારી જકાતની ઊપજના 40 % રકમ રાજયોને વહેંચવા જણાવ્યું હતું . જોકે ત્યાર પછીનાં બધાં જ નાણાપંચોએ આબકારી જકાનું હેઠળની બધી જ વસ્તુઓને આવરી લીધી છે એટલું જ નહિ , પરંતુ ક્રમશઃ તેની ઊપજની ટકાવારી વધારીને 45 કરી છે . કેન્દ્રીય આબકારી જકાતની ઊપજની વહેંચણીના ધોરણ તરીકે મુખ્યત્વે વસ્તી અને માથાદીઠ આવકને ધ્યાનમાં લેવાય છે . પાંચમા નાણાપંચ સુધીનાં નાણાપંચોએ વસ્તીના ધોરણને વધારે મહત્ત્વ આપ્યું હતું . પરંત . ત્યાર પછીનાં નાણાપંચોએ વસ્તીના ધોરણ મુજબ 25 % ઊપજ જે તે રાજયોને વહેંચવા જણાવ્યું છે જયા બાકીની 75 % ઊપજ જે તે રાજ્યનું આર્થિક પછાતપણું ધ્યાનમાં લેવાનું છે .

(3) વધારાની આબકારી જકાતોની વહેંચણી - 1956 - '57 થી કેન્દ્ર સરકારે રાજ્યો સાથે મસલત કરી કેટલીક વસ્તુઓ જેવી કે મિલનું કાપડ , ખાંડ તથા તમાકુ વગેરે પર વેચાણવેરાને સ્થાને આબકારી જકાત દાખલ કરી છે . તેમાંથી પ્રાપ્ત થતી આવકની વહેંચણી રાજયો વચ્ચે કરવાની હોય છે . આવકની વહેંચણી માટે છે નાણાપંચે કરેલી ભલામણ પ્રમાણે પ્રાપ્ત થતી કુલ આવકમાંથી 1 ટકો કેન્દ્રશાસિત પ્રદેશોને તથા 0.25 જમ્મુ-કાશ્મીરને આપવો.

## (૪) વારસાવેરાની વહેંચણી અંગે -

આ વેરો 1953 માં સૌપ્રથમ નાખવમાં આવ્યો હતો.તેની આવકમાંથી 1 ટકો કેન્દ્રશાસિત પ્રદેશો માટે અને બાકીની રકમ રાજપને ,વહેચવાની ભલામણ કહી હતી. . 1989 - '90 ની જે વારસામાં મળી . સંપત્તિની ટ્રાન્સફર પર વેરી નાખ્યો છે , પરંતુ તેની ઊપજમાંથી  રાજયોને હિસ્સો આપવામાં આવતો નથી.

(૫) રેલ્વેભાડા પરની આવકની વહેચણી-બીજા નાણાપંચે આવી આવકનો 0.25 ટકા કેન્દ્રશાસિત પ્રદેશો માટે અને બાકીની રકમ રાજ્યો વચ્ચે ફાળવણી કરવાની ભલામણ કરી હતી.

( 6 ) સહાયક અનુદાન -  કેન્દ્ર સરકાર રાજ્યોને બંધારણની કલમ 282 હેઠળ પોતાની મરજી અનુસાર રાજયોને જાહેર હેતુ માટે ગ્રાન્ટ આપી શકે છે .અને કલમ 275 હેઠળ આપવામાં આવતી ગ્રાન્ટ રાજયોને તેમની બિનઆયોજિત ખાધ પૂરવા માટે આપવામાં આવે છે .

( 7 ) ગાડગીલ ફોર્મ્યુલા : રાજયને આ ઉપરાંત , બે સ્રોતો તરફથી નાણાકીય સાધનો પ્રાપ્ત થાય છે તેની નોંધ લેવી જો ઈએ ( i ) આયોજન પંચ કે જેની રચના કેન્દ્ર સરકારે કરી છે , જેનું સ્વરૂપ યુનિટરી છે અને જે સ્ટેપ્યુટરી બૉડી નથી તેમ જ જે કાયમી સંસ્થા છે . રાજ્યોને તેમની યોજના માટે નાણાં પૂરાં પાડે છે . ( ii ) આ ઉપરાંત , કેન્દ્ર સરકાર રાજ્યોને વિકાસલક્ષી ગ્રાન્ટ આપે છે . .ચોથી યોજનાથી રાજ્યને નાણા પૂરા પાડવા માટે ફોર્મ્યુલા નક્કી કરી જેને ગાડગીલ ફોર્મ્યુલા તરીકે જાણીતી બની.

## (4)ભારતની વર્તમાન નાણાકીય સાધનોની વહેંચણી વ્યવસ્થા [ Present Distribution System of Finance In India ]

### (1)પ્રસ્તાવના –

ભારતની કેન્દ્ર અને રાજ્યો વચ્ચેની નાણાકીય સાધનોની વહેંચણી વ્યવસ્થા ચાર સંદર્ભમાં તપાસી શકાય . ( 1 ) વહેંચણીપાત્ર કરવેરાની આવકની ઊભી ધરીને સમાંતર વહેંચણી ( 2 ) વહેંચણીપાત્ર કરવેરાની આવકની આડી ધરીને ( ક્ષિતિજ રેખા ) સમાંતર વહેંચણી ( 3 ) ગ્રાન્ટ - ઈન - એઈડ ( 4 ) અન્ય બાબતો

### (2)વહેંચણીપત્ર કરવેરાની આવકની ઊભી ધરીને રામાંતર વહેંચણી –

કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહેંચણીપાત્ર કરવેરામાં ખેતી સિવાયની આવક પરનો આવક વેરો , આબકારી જકાત , વધારાની આબકારી જકાત , રેલવે ભાડા પરનો વેરો વગેરેનો સમાવેશ થાય છે . પહેલા રેલવેમાં મુસાફરી કરતાં પેસેન્જરો પાસેથી ભાડા ઉપર રાજ્યો દ્વારા જે વેરો લેવામાં . આવતો હતો તે કેન્દ્ર સાથેની સમજૂતી બાદ નાબૂદ કરી , તેને સ્થાને રાજ્યોને નાણાંપંચની ભલામણો પ્રમાણે ગ્રાન્ટ આપવામાં આવે છે.

નાણાપંચ કેન્દ્રીય વેરાની રાજયો સાથેની વહેંચણી કરતી વખતે પાંચ પરિબળો ધ્યાનમાં રાખે છે . ( 1 ) બંધારણની જોગવાઈ અને હેતુ ( 2 ) અગાઉના નાણાંપંચોનો અભિગમ ( 3 ) શક્ય હોય તેટલે અંશે ચાલુ રાખવાની જરૂરિયાત ( 4 ) સમગ્ર રીતે રાજકોષિય સંબંધો જાળવી રાખવા રીસોર્સિસની પુનઃસમતુલાની જરૂરિયાત ( 5 ) સમગ્રલક્ષી પર્યાવરણની સ્થિતિ .

મુખ્ય પ્રશ્ન સેસ અને સરચાર્જના નામે કેન્દ્ર દ્વારા ઉઘરાવાતી બિન વહેંચણીપાત્ર રકમમાંથી હિસ્સો મેળવવાની રાજ્યની ની માંગણીનો છે . કેન્દ્રની કુલ કર આવકમાં સેસ અને સરચાર્જનો હિસ્સો સતત વધી રહ્યો છે .

૨૦૦૯-૨૦૧૦ થી ૧૨૦૧૪-૧૫ના સમયગાળામાં કેન્દ્રની કુલ આવકના લગભગ ૫૨% રકમ રજ્યોને ટ્રાન્સફર કરી છે. જયારે કરવેરાનો સંબંધિત હિસ્સો ૪૬.૮% જ રહ્યો છે.

## (3) ભંડોળની આડી ધરીને સમાંતર ( Horizontal ) વહેંચણી –

કેન્દ્ર તરફથી રાજપો ફાળવવામાં આવેલી કુલ ઊપજની જુદા જુદા રાજયો વચ્ચે કરવામાં આવતી વહેંચણીને આડી ધરીને સમાંતર વહેચણી કહેવામાં આવે છે.

ચૌદમા નાણાપંચે સૂચવેલ ભલામણમાં રાજ્યો વચ્ચે વહેંચણીપાત્ર ફંડની વહેંચણી કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રખાઈ છે .

( I ) વસ્તી - 1971 ની વસ્તીને પાયા તરીકે ધ્યાન રખાઈ છે.તે સમયના વસ્તી પ્રમાણને આધારે કરવેરા , ડ્યુટીઝ , ગ્રાન્ટ વગેરેની વહેંચણી કરાય છે . ચૌદમા નાણાપંચે વહેચણી કરતી વખતે રાજ્યની વસ્તીના પરિબળને ૧૭.૫ ટકા ભાર આપ્યો.

( 2 ) ભૌગોલિક ફેરફારો – નાણાપંચ 1971 ની વસ્તીને પાયા તરીકે સ્વીકારવાની સાથે , ત્યારબાદ તેમાં આવેલા ભૌગોલિક ફેરફારને પણ ફંડની ફાળવણી વખતે ધ્યાનમાં લે છે. ચૌદમા નાણાપંચ પ્રમાણે ભૌગોલિક ફેરફારો ( સ્થળાંતર અને વય માળખું ) ને ફાળવણી કરતી વખતે 10 ટકા ભાર આપ્યો છે . આવા ફેરફારો 2011 ની વસ્તીને ધ્યાનમાં લઈ માપવામાં આવે છે

( 3 ) ભૌગોલિક વિસ્તાર : જે રાજયની વસ્તી વધુ હોય તેને નાગરિકોને જરૂરી સેવા પૂરી પાડવા વધુ ખર્ચ કરવાની જરૂર પડે છે . જેમ વિસ્તાર વધે તેમ ખર્ચ વધે છે . પરંતુ તે ઘટતા દરે વધે છે . વર્તમાનમાં આ ધોરણને વહેંચણી કરતી વખતે 15 % ભાર આપવામાં આવેલો છે . નાના રાજયો માટે ૨% ફ્લોર લિમિટ છે ,

( 4 ) જંગલ વિસ્તાર : ઈકોલોજી , પર્યાવરણ , વાતાવરણના ફેરફારો ( ecology , environment , climate change ) ટકાઉ આર્થિક વિકાસ સાથે સંકળાયેલા છે . આથી પંચ ફંડની ફાળવણી કરતી વખતે તેને ધ્યાનમાં લે છે . હાલમાં ચૌદમા નાણાંપંચની ભલામણ પ્રમાણે ફૉરેસ્ટ કવરને 7.5 ટકા વહેંચણી વખતે ભાર અપાયો છે . .

(5) આવકનું અંતર : માથાદીઠ આવકનું ધોરણ જે તે રાજયની ગરીબીનું પ્રમાણ જાણવા જરૂરી છે . મહત્તમ માથાદીઠ આવકવાળા રાજયની સરખામણીમાં બીજા રાજયની માથાદીઠ આવકના અંતરને આધારે તેની સરેરાશ ગરીબીના અંદાજ આવે છે . આવક અંતરની ગણતરી કરતી વખતે તેની ત્રણ વર્ષની સરેરાશ GSDP ધ્યાનમાં લેવાય છે . ચૌદમા નાણાપંચે રાજપ સરેરાશ કાચી ગૃહ પેદાશ ધ્યાનમાં લઈ ગણતરી કરી છે અને વહેંચણી વખતે 50 % આવકથી અંતરના મુદાને ભાર આપ્યો છે .

કેન્દ્રના વહેંચણીપાત્ર કરવેરાની રાજ્ય ફાળે આવતી કુલ રકમ માંથી સૌથી વધુ રકમ ૧૭.૯૫૬% ઉત્તરપ્રદેશને મળે છે. જયારે સૌથી ઓછી રકમ ૦.૩૬૭% સિક્કિમ રાજ્યને મળે છે.

સર્વિસ ટેક્સ ( Service Tax ) : જમ્મુ - કાશ્મીરમાં સર્વિસ ટેક્સ લેવાતો નથી , તેથી તે સિવાયના રાજ્યોમાં સર્વિસ ટેક્સની રકમની વહેચણીમાં સૌથી વધુ હિસ્સો ૧૮.૨૦૫% ઉત્તરપ્રદેશને મળે છે. અને સૌથી ઓછો હિસ્સો ૦.૩૬૯% સિક્કીમને મળે છે.

(૪) ગ્રાન્ટ- ઇન- એઇડ-

[ A ] મહેસૂલી ખાધ –

કેન્દ્રીય કરવેરામાંથી હિસ્સો મેળવ્યા બાદ પણ જે રાજ્યોમાં બિન યોજનાકી મહેસુલી ખાધ રહે છે. તે પુરવા માટે બંધારણની કલમ 275 (૧ ) હેઠળની જોગવાઈ હેઠળ રૂ.1,94,821 કરોડની ગ્રાન્ટ ચુકવાય છે : ગ્રાન્ટની ફાળવણી 2015-20ના પાંચ વર્ષના સમયગાળા માટેની છ. આવી ગ્રાન્ટ ૧૧ રાજ્યોને આંધ્રપ્રદેશ , આસામ, હિમાચલપ્રદેશ , જમ્મુ- કાશ્મીર, કેરલા, મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ ત્રિપુરા, પશ્ચિમ બંગાળ ને અપાય છે. આમાં સૌથી વધુ અને નોધપાત્ર રકમ જમ્મુ- કાશ્મીરને પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત જુદા જુદા રાજ્યોમાં જરૂરીયાતને આધરે ફળવાતી ગ્રાન્ટ જનરલ વહીવટી ગ્રાન્ટ ,પર્યાવરણની ગ્રાન્ટ, સિચાઈ, રોડ, પૂલ વગેરેની જાળવણી ગ્રાન્ટ, સામાજિક વિભાગ ગ્રાન્ટ.

## (૫) ભારતમાં સમવાયી નાણાકીય વ્યવસ્થા હેઠળ વિવાદના મુખ્ય મુદ્દા –

( 1 ) રાજ્યોની અપૂરતી આવકઃ-કેન્દ્ર સરકાર પાસે આવકનાં સાધનો વધુ છે અને ખર્ચની જવાબદારીઓ ઓછી છે , જયારે રાજ્યો પાસે આવકનાં સાધનો ઓછાં છે અને ખર્ચની જવાબદારીઓ વધુ છે આમ, બીજી તરફ રાજ્યોને આર્થિક વિકાસ અને સમાજકલ્યાણની એવી જવાબદારીઓ સોંપવામાં આવી છે , જે વસ્તીવૃદ્ધિ સાથે વધતી જાય છે . આ હકીકતોને લીધે રાજ્યોએ નાણાપંચ સમક્ષ હંમેશાં એવી માગણી કરી છે કે કેન્દ્ર તરફથી રાજયો તરફ જતાં નાણાકીય સાધનોનું પ્રમાણ વધારવું જોઈએ , પરંતુ નાણાપંચોનું મંતવ્ય એવું રહ્યું છે. રાજ્યોએ ખેત આવક કર પાત્ર કરવી જોઈએ.વીજળી ,પાણીનીપરની સબસિડી નાબૂદ કરવી જોઇએ. વહીવટી તંત્રના સુધારવાની અને કરચોરી અટકાવવા પગલા લેવા જોઈએ.

( 2 ) રાજ્યોની સ્વાયત્તતા પર તરાપ :કેન્દ્ર તરફથી ગણાવતાં નાણાંમાંથી લગભગ 35 ટકા તેમને અધિકારની રૂએ મળે છે એટલે કે કરવેરાની આવક માટે કેન્દ્ર સરકાર પરનું અવલંબન વધતું જાય છે . બાકીની રકમ અનુદાનું અને લોનના સ્વરૂપમાં મળે છે ,

(3 ) નાણાપંચનું ઘટતું મહત્ત્વ :. આયોજનકાળ દરમિયાન નાણાપંચનું મહત્ત્વ ઘટતું ગયું છે અને આયોજનપંચનું મહત્ત્વ વધતું ગયું છે . રાજ્યોને લગભગ 38 ટકા નાણાકીય સાધનો નાણાપંચની ભલામણ લીધે મળે છે . જયારે લગભગ 72 ટકા નાણાકીય સાધનો આયોજનપંચની ભલામણો પ્રમાણે મળે છે . આ ચિંતાજનક ગણાય છે . કેમ કે આયોજન પંચ સામાન્ય રીતે કેન્દ્ર સરકારની મરજી મુજબ આ અંગે નિર્ણયો ફેર હોય છે . જ્યારે નાણાપંચ તટસ્થપણે નિર્ણયો લેતી સંસ્થા છે .

( 4 ) પ્રાદેશિક અસમાનતાનો પ્રશ્ન : હકીકતમાં બધાં રાજયો માટે લોન અને અનુદાનું પ્રમાણે એકસરખું ( 70 : 30 ) નિશ્ચિત કરી દેવામાં આવ્યું છે . આવકવેરાની આવકમાંથી ધનિક રાજયોને વધુ હિસ્સો આપવામાં આવે છે અને ગરીબ રાજ્યોને ઓછો હિસ્સો આપવામાં આવે છે . ઉપરાંત રાજયની બજેટ ખાધ પૂરવાના હેતુથી કેટલું ક અનુદાન આપે છે . પરંતુ ધનિક રાજ્યો પણ મોટી બજેટ ખાધ બતાવી શકે છે

## (5) રાજ્યોની ફરિયાદો -

(1) સંવિધાનની મૂળભૂત ધારણા તેઓ સ્વીકારતા નથી .

(૨)રાજયોમાં પરિસ્થિતિઓ જુદી જુદી છે . આથી તેમને સ્વાયત્તતા મળવી જોઈએ .

( 3 ) શિક્ષણ અને સ્વાસ્થને સંયુક્ત યાદીમાં મૂકવામાં આવ્યાં છે .

( ૪ ) શાંતિ અને વ્યવસ્થાના ક્ષેત્રમાં કેન્દ્ર દખલગીરી કરે છે

( ૫ ) રાજયો પર જવાબદારીઓ વધુ છે , આવકનાં સાધનો ઓછાં છે .

( ૬ ) કેન્દ્ર પાસે આવકનાં સાધનો વધુ છે અને સ્થિતિસ્થાપક છે .

## (6) કેટલાંક સૂચનો :-

( 1 ) નાણાકીય શિસ્ત જાળવણી : કેન્દ્ર અને રાજયો બંને નાણાકીય શિસ્ત જાળવવામાં નિષ્ફળ ગયાં છે .એમના ખર્ચ વધ્યા છે.

( 2 ) બિનઉત્પાદક ખચ ઘટાડવા - કેન્દ્ર તથા રાજયોમાં મહેસૂલી ખાધ ઘટાડવા માટે સૌ બિનઉત્પાદક ખર્ચ ઘટાડવું જો ઈએ .

( 3 ) કાયમી નાણાપંચની દરખાસ્ત- કાયમી ધોરણે એક સ્વતંત્ર નાણાપંચની રચના કરવી જોઈએ એવો અભિપ્રાય પણ વ્યાપક બનતો જાય છે . ડૉ . લાકડાવાળાના શબ્દોમાં કહીએ તો , “ નાણાપંચ એક હંગામી ( એડહોક ) સંસ્થા છે . દરેક વખતે પંચના કર્મચારીઓ જુદા હોય છે , સંશોધનકાર્ય કરતા તો જુદા હોય છે અને પંચ પાસે કેન્દ્ર - રાજય વચ્ચે નાણાકીય સંબંધોની સમગ્રલક્ષી સમીક્ષા માટે પૂરતો સમય હોતો નથી

## (6) ચૌદમાં નાણાપંચની ભલામણો-

૨૦૧૫-૨૦૨૦ના ગાળાને આવતી લેતી ભલામણો કરવા માટે ૨-૧-૨૦૧૩ના રોજ ડૉ.વાય.વી.રેડીના અધ્યક્ષપદે ચૌદમા નાણાપંચની રચના કરવામાં આવી . એની ભલામણો નીચે મુજબ છે :

(૧) કેન્દ્રની કરઊપજમાં રાજયોનો હિસ્સો ૩૨ ટકાથી વધારીને ૪૨ ટકા કરવો .

(૨) રાજયો વચ્ચે આ રકમની વહેંચણી માટે પાંચ ધોરણોનો ઉપયોગ કરવો : વસ્તી , આવક તફાવત , જમીનવિસ્તાર , જંગલવિસ્તાર , રાજકોષીય શિસ્ત .

(૩) રાજયોના બજેટની મહેસૂલી ખાધ માટે ગ્રાન્ટ - રૂા .૧,૯૪,૮૨૧ કરોડ

(૪) કુદરતી આપત્તિઓ વખતે રાહતકાર્યો માટેના ફંડમાં કેન્દ્ર સરકારે ૯૦ ટકા ભંડોળ આપવું ,

(૫) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ માટે ગ્રાન્ટ રૂા . ૨,૮૭,૪૩૬ કરોડ

(૬) કેન્દ્રના બજેટમાં તેમજ રાજયોના બજેટમાં વધુમાં વધુ ૩ ટકા રાજકોષીય ખાધ હોવી જોઈએ

# યુનિટ – ૪
# ફુગાવો( Inflation)

(૧)ફુગાવાનો અર્થ અને લક્ષણો-

(૧)પ્રસ્તાવના : ભાવ વધારાની સ્થિતિની એક કથા ફુગાવો દશવિ છે .

(૨) ફુગાવાનો અર્થ :

-પ્રો . પિગુ : “ એક બાજુ નાણાંનો પુરવઠો વધે અને બીજી બાજુ વસ્તુનું ઉત્પાદન એટલા પ્રમાણમાં નો વધે ત્યારે ફુગાવો સર્જાય છે . ”

-પ્રો . ક્રાઉથર : “ ફુગાવો એક એવી સ્થિતિ છે જેમાં ભાવસપાટી વધે છે અને નાણાંનું મૂલ્ય ઘટે છે . “

- પ્રો . કેઇન્સ : “ અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સ્થાપના બાદ મૂડીરોકાણ વધારવામાં આવે છે , ત્યારે ફુર ઉત્પાદન ન વધવાથી ફુગાવો જન્મે છે . ”

-પ્રો . કાલબર્ન : “ જ્યારે ખૂબ વધારે નાણું ખૂબ થોડી વસ્તુઓને પકડવા પાછળ દોડે છે ત્યારે ફુગાવો સર્જાય છે .

(3 ). ફુગાવાનાં મુખ્ય લક્ષણો –

(૧) લાંબા ગાળાની પ્રક્રિયા - ફુગાવો લાંબા ગાળાની પ્રક્રિયા છે . ભાવસપાટી અનેક વર્ષો કે દાયકાઓ સુધી નિરંતર વધતી રહે છે .

(૨) સર્વગ્રાહી ભાવવધારો- ફુગાવા દરમિયાન સરેરાશ ભાવસપાટી વધે છે . એટલે કે મોટા ભાગની કે બધી વસ્તુઓના ભાવો વધતા હોય છે

(૩) સ્વયંપ્રેરિત પ્રક્રિયા – ફુગાવો સ્વયંપ્રેરિત પ્રક્રિયા છે . ફુગાવાનાં પરિબળો આપોઆપ બળવત્તર બનતાં જાય છે . ધીમી ગતિએ સરકતો ફુગાવો ઘોડાપૂર ફુગાવામાં પલટાઈ જાય છે .

(૪) માગના નિયમનું ઉલ્લંઘન - ફુગાવા દરમિયાન ભાવો વધે છે છતાં માગ ઘટતી નથી , માગનો નિયમ લાગુ પડતો નથી . કારણ કે લોકોની નાણાકીય આવક ઝડપથી વધતી હોય છે . માગ પુરવઠાથી વધુ હોય છતાં અંકુશો દ્વારા ભાવોને વધતા રોકવામાં આવે તો એ દાબેલો ફુગાવો કહેવાય છે , જે ખુલ્લા ફુગાવાની સરખામણીમાં વધુ નુકસાનકારક હોય છે .

(2) ફુગાવાના પ્રકાર –

(અ) સ્વરૂપની દ્રષ્ટિએ -

(1) મુક્ત ફુગાવો- જયારે અર્થતંત્રમાં ભાવોને તેની માગ અને પુરવઠા પ્રમાણે મુક્ત રીતે વધવા દેવામાં આવતા હોય ત્યારે મુક્ત અથવા તો ખુલ્લો ફુગાવો છે.

(2) અંકુશિત ફુગાવો- જયારે અર્થતંત્રમાં ભાવોને નિયમન , માપ્બંધી, ફરજીયાત બચત જેવા પગલા દ્વારા મુક્ત રીતે વધવા દેવામાં ન આવતા હોય ત્યારે અંકુશિત અથવા દબાયેલો ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

(બ) વિસ્તારની દ્રષ્ટીએ –

(1) આંશિક ફુગાવો- ટુંકાગાળામાં માંગની સામે પુરવઠો તાત્કાલિક વધી શકતો નહી હોવાથી , અમુક પ્રમાણમાં

ભાવ વધે છે.આવા ફુગાવાને આંશિક ફુગાવો કહેવાય છે.

(૨) સંપૂણ અથવા સાર્વત્રિક ફુગાવો –જયારે અર્થતંત્રમાં પૂર્ણરોજગારીની સ્થાપના બાદ નાણાનો પુરવઠો વધે છે, ત્યારે ઉત્પાદન બિલકુલ વધતું નથી. આથી જે ભાવવધારો અસ્તિત્વમાં આવે છે. તેને સંપૂર્ણ ફુગાવો કહેવાય.

(ક) ઝડપને આધારે -

(1) મંદ ફુગાવો - જયારે અર્થતંત્રમાં ભાવો ખૂબ જ ધીમી ગતિએ વધતાં હોય ત્યારે તેને મંદ ફુગાવો અથવા પેટે ચાલતો ફુગાવો ખે છે.

(2) ચાલતો ફુગાવો –જયારે ફુગાવાનો દર ૨% થી વધી ૪% જેટલો થાય ત્યારે તે ચાલતો ફુગાવો કહેવાય છે.

(3) દોડતો ફુગાવો –જયારે ફુગાવાનો દર વાર્ષિક સરેરાશ ૧૦% ની આસપાસ રહે ત્યારે તેને દોડતો ફુગાવો કહેવાય.

(4) કૂદતો ફુગાવો- જયારે ફુગાવાનો દર વાર્ષિક ૧૦૦% જેવો પ્રચંડ હોય ત્યારે તેને કૂદતો ફુગાવો કહેવાય.


(ડ) અપેક્ષાની દ્રષ્ટીએ-

(1) અપેક્ષિત ફુગાવો –અર્થતંત્રમાં વસ્તુ અને સેવાના ભાવ ક્યાં દરે વધશે તે અંગે પ્રજાની અપેક્ષા પ્રમાણે ભાવો વધે તો તે અપેક્ષિત ફૂગવોછે.

(2) અનઅપેક્ષિત ફુગાવો- અર્થતંત્રમાં પ્રજાની અપેક્ષા કરતાં જુદા દરે ભાવો વધે તો અનપેક્ષિત ફુગાવો ગણાય.


(ઈ) કરણની દ્રષ્ટીએ-

(1) માંગપ્રેરિત ફુગાવો- ચીજ- વસ્તુ અને સેવાઓના પ્રમાણમાં નાણાના પુરવઠો વધારે પ્રમાણમાં હોય તો અસરકારક માંગ વધવાથી ભાવો વધે છે.




Scanned with CamScanner

(૨) ખર્ચપ્રેરિત ફુગાવો- કોઈ કારણસર ઉત્પાદનખર્ચ વધવાને કારણે ઉત્પાદક ઉત્પાદન ( પુરવઠો) ઘટાડે અને ભાવ વધારો અસ્તિત્વમાં આવે તેને ખર્ચપ્રેરિત ફુગાવો કહેવાય.



Scanned with CamScanner

(ચ) સમયની દ્રષ્ટીએ –

(1) યુદ્ધપ્રરિત ફુગાવો - યુદ્ધના કરણે વસ્તુનો પુરવઠો ઘટી અછત સર્જાતા ફુગાવો જન્મે છે.

(2) યુદ્ધોત્તર ફુગાવો- અર્થતંત્રને પાછું વિકાસના માર્ગે ચઢાવવા સરકારે ખાધપુરવણી દ્વારા મોટા ખર્ચ કરવા પડે છે. આથી યુદ્ધોત્તર ફુગાવો સર્જાય છે.

(3) શાંતિ સમયનો ફગાવો- ઘણીવાર સરકારના બિનવિકાસલક્ષી ખર્ચને કારણે ફુગાવો સર્જાય છે.

(4) ભારતમાં ભાવ વધારાના કારણો –

(અ) માંગ પ્રેરિત પરિબળો –

(1) ઝડપી વસ્તીવૃદ્ધિ – વસ્તીવૃદ્ધિનો વાર્ષિક દર બે ટકાથી વધુ રહ્યો છે. અને પરિણામે દર વર્ષે ભારતની વસ્તીમાં લગભગ ૧.૬૦ કરોડનો ઉમેરો થયો છે. ભારતની વસ્તી ૧૯૫૧ માં ૩૬.૧કરોડ હતી. તે વધીને ૨001 માં ૧૦૨ કરોડ થઈ છે.

(2) આવકમાં વધારો

(3) સરકારના ખર્ચમાં વધારો – કેન્દ્ર અને રાજ્ય ૧૯૯૦-૯૧માં રૂ. ૧,૭૬,૫૪૮ કરોડ અને ૨૦૧૩-૧૪ માં રૂ. ૧૬,૬૫,૨૯૭ કરોડ હતો.એમાં બિનઆયોજિત ખર્ચ ૧૯૯૦-૯૧ માં રૂ. ૭૦,૬૨૬ કરોડ અને ૨૦૧૩-૧૪ માં રૂ.૧૧,૦૯, ૯૭૫ કરોડ હતો.

(૪) ખાધપુરવણીનો ઉપયોગ – પ્રથમ યોજનામાં રૂ. ૩૩૩ કરોડ હતી તે વધીને આથમી યોજનામાં રૂ. ૩૮, ૪૧૧ કરોડ થઈ છે.

(૫) નાણાના પુરવઠામાં વધારો – નાણાનો પુરવઠો (M ૩ ) ૧૯૯૦-૯૧ માં રૂ. ૨,૬૫, ૮૩૦ કરોડ અને ૨૦૧૦-૧૧ માં રૂ. ૬૪,૯૧,૭૫૬ કરોડ હતો.

(૬) કાળું નાણું – કળા નાનાનું પ્રમાણ ૧૯૬૧મ ૬૫૦ કરોડ હતું, તે ૨૦૦૬-૦૭ માં રૂ. ૨૫,૦૦,૦૦૦ કરોડ થયું છે.

(બ) ખર્ચ પ્રેરિત પરિબળો –

(1) અપૂરતું ખેતઉત્પાદન – આયોજનકાળ દરમિયાન ખેતઉત્પાદની અભીવૃધ્ધીનો સરેરાશ વાર્ષિક દર માત્ર ૨.૭ ટકા હતો.

(2) અપૂરતું ઔદ્યોગિક ઉત્પાદન – છેલ્લા ત્રણ દાયકામાં ઔદ્યોગિક ઉત્પાદનનો અભિવૃદ્ધિનો સરેરાશ દર સાત ટકા હતો.

(3) સંગ્રહખોરી

(4) મોંઘી આયાતો

(ક) અન્ય પરિબળો-

(1) માળખગત પરિબળો

(2) સરકારની નીતિ –

(૧) ખેતપેદાશોના ભાવોની નીતિ (૨) પ્રશાંસિત ભાવોની નીતિ (૩ ) પરોક્ષ કરવેરા (૪) રૂપિયાનું અવમુલ્યન

## (૫) ભારતમાં ફુગાવાની અસરો –

(1) બચત પર અસર

(2) મૂડીરોકાણ પર અસર

(3) આવકની વહેંચણી પર અસર

(4) ઉત્પાદન ખર્ચ પર અસર

(5) સંગ્રહખોરી

(6) વિદેશવેપાર પર અસર – નિકાસો ઘટે, આયાતો વધે , વિદેશી દેવાનો બોજો વધે, લેણદેણ તુલામાં અસમતુલા

(7) યોજનાઓ પર અસર

(8) દેવાદાર અને લેણદાર પર અસર

(9) વિકાસ અવરોધાય

## (૬) ભારતમાં ફુગાવાના ઉપાયો –

### (અ) નાણાંકીય નીતિ –

(1) બેંકદરમાં વધારો -૧૯૩૫ માં રિઝર્વ બેન્કની સ્થાપના થઈ ત્યારથી ૧૯૫૧ સુધીના ગાળા દરમિયા બેંકદર માત્ર ત્રણ ટકા હતો. ૧૯૯૧ માં સૌથી વધુ ૧૨ ટકા હતો. હાલમાં ૬ ટકા છે.

(૨) રોકડ અનામત પ્રમાણ = રોકડ અનામત પ્રમાણ ૧૯૮૧ માં સાત ટકા હતું . ૧૯૮૯ માં તે સૌથી વધુ ૧૫ ટકા હતું . એ પછી એમાં ક્રમશઃ ઘટાડો કરવામાં આવ્યો છે . રોકડ અનામત પ્રમાણ ૧૯ મે , ૨૦0૧ થી ૭.૫૦ ટકા કરવામાં આવ્યું હતું . હાલ ૪.૦ ટકા છે .

(૩ ) વૈધાનિક રોકડતા પ્રમાણમાં વધારો - રોકડ અનામત પ્રમાણ સાથે વૈધાનિક રોકડતા પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો . વેપારી બૅન્કોએ પોતાની થાપણોનો જે ભાગ સરકારી જામીનગીરીઓમાં ફરજિયાત રોકવો પડે છે તેને વૈધાનિક રોકડતા પ્રમાણ કહેવામાં આવે છે અને વૈધાનિક રોકડતા પ્રમાણ પણ જેમ વધે તેમ વેપારી બૅન્કોની ધિરાણ આપવાની શક્તિ ઘટે છે . હાલ વૈધાનિક રોકડ પ્રમાણ ૨૩ ટકા છે .

( ૪ ) ગુણાત્મક શાખનિયંત્રણ - વેપારી બૅન્કોએ કયા હેતુઓ માટે ધિરાણ આપવું , કેટલા પ્રમાણમાં ધિરાણ આપવું , કેટલા વ્યાજે આપવું અને માર્જિન કેટલું રાખવું એ અંગે રિઝર્વ બેન્કે આદેશો આપ્યા છે કે જેથી બિનજરૂરી અને ઓછી ઉત્પાદક દિશાઓ તરફ જતું ધિરાણ અટકે . દા.ત. , ૧૯૯૪ ના મેમાં તેલીબિયાં , કઠોળ , કપાસ અને ખાદ્ય તેલો સામેના બૅન્ક ધિરાણ , પર માર્જિન વધારવામાં આવ્યું હતું .

**( ૨ ) રાજકોષીય નીતિ** : સરકારની આવક અને જાવકને લગતાં પગલાંને રાજકોષીય પગલાં કહેવામાં આવે છે .

(૧) કરવેરામાં વધારો : આયોજનકાળ દરમિયાન સીધા કરવેરા અને આડકતરા કરવેરા બંને સતત વધારવામાં આવ્યા છે . આવકવેરો અને સંપત્તિવેરો જેવા સીધા કરવેરાને પરિણામે લોકોની ખર્ચપાત્ર આવક ઘટે છે અને ચીજવસ્તુઓની માગ ઘટે છે . વેચાણવેરો , આબકારી જકાત અને આયાતજકાત જેવા આડકતરા કરવેરા ચીજવસ્તુઓના ભાવોમાં ઉમેરાય છે . ભાવો તેટલા અંશે ઊંચે જાય છે અને તેથી લોકોની ખરીદશક્તિ ઘટે છે . કેન્દ્ર સરકારની કુલ કરઊપજ ૨00૯ - '૧0 માં રૂા . ૬ , ૨૪ , ૨૨૮ કરોડ હતી તે વધીને ૨0૧૩ - '૧૪ માં રૂા .૧૧,૩૩,૮૩૨ કરોડ થઈ છે .

(૨) વેતન અને ડિવિડન્ડ આવકની સ્થગિતતા : ૧૯૭૪ ના જુલાઈમાં લોકોની ખર્ચપાત્ર આવક પર મર્યાદા મૂકવા માટે સરકારે વટહુકમ દ્વારા એક તરફ વેતન અને પગાર સ્થગિત કર્યા હતા તે બીજી તરફ ડિવિડન્ડની બાવકો સ્થગિત કરી હતી.

(૩) ફરજિયાત થાપણ યોજના : ૧૯૭૪ માં ફરજિયાત થાપણ યોજના અમલમાં મુકવામાં આવી હતી , એનો હેતુ લોકોની ખર્ચપાત્ર આવક ઘટાડીને વપરાશી ખર્ચ પર કાપ મૂકવાનો હતો . એપ્રિલ , ૧૯૮૫ માં આ યોજના નાબૂદ કરવામાં આવી હતી .

(૪) રાજકોષીય ખાધ પર નિયંત્રણ : ૧૯૯૧ - '૯૨ ના બજેટમાં રાજકોષીય ખાધ ઘટાડવાનું પગલું સફળતાપૂર્વક લેવામાં આવ્યું . રાજકોષીય ખાધ ૧૯૯૦ - '૯૧ માં કુલ આંતરિક ઉત્પાદનના ૮.૩ ટકા હતી તે ઘટીને ૨00૧ - '0૨ માં ૬.૨ ટકા થઈ છે . ૨0૧૩ - '૧૪ માં ૪.૫ ટકા હતી .

( ૫ ) બજેટ ખાધ પર નિયંત્રણ : ખાધપુરવણી પર મર્યાદા મૂકવામાં આવી છે . એટલે કે એડહોક ટ્રેઝરી બિલ સામે સરકાર રિઝર્વ બેન્ક પાસેથી જે લોન લે તેનું મહત્તમ પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે . ૧૯૯૪ - '૯૫ ના વર્ષમાં આ રકમ રૂા . ૬,000 કરોડ હતી . ૧૯૯૫ - '૯૬ અને ૧૯૯૬-૯૭નાં વર્ષો માટે પણ આ જ મહત્તમ મર્યાદા હતી . ૧૯૯૭-૯૮થી આ પ્રથા સંદતર નાબૂદ કરવામાં આવી છે

(૩ )અન્ય પગલાં :

( ૧ ) મહત્તમ ભાવોનું નિર્ધારણ : સંગ્રહખોરી અને સટ્ટાખોરીની પ્રવૃત્તિઓ અટકાવવા માટે સરકારે અનાજના જથ્થાબંધ તથા છૂટક ભાવોની મહત્તમ સપાટી નક્કી કરી છે . ઉપરાંત , એગ્રિકલ્ચરલ પ્રાઇસીઝ કમિશનની ભલામણો મુજબ કેટલીક ખેતપેદાશોના લઘુતમ પ્રાપ્તિભાવો નક્કી કર્યા છે . કાપડ અને ખાંડ જેવી કેટલીક વસ્તુઓના ભાવો પર ભૂતકાળમાં અંકુશો મૂકવામાં આવ્યા હતા .

( ૨ ) દ્વિભાવોની પ્રથા : સરકારે સિમેન્ટ , પેપર , ખાંડ વગેરે વસ્તુઓ માટે દ્વિભાવોની પ્રથા અપનાવી હતી . આ પ્રથા હેઠળ સરકારે વાજબી ભાવની દુકાનો દ્વારા ગરીબોને ઓછા ભાવે વસ્તુઓ પૂરી પાડી છે , જ્યારે અન્ય વર્ગોના લોકોએ ખુલ્લા બજારમાંથી બજારભાવે ખરીદી કરવી પડતી હતી .

( ૩ ) અનાજના પુરવઠામાં વધારો : ૧૯૬૬ - '૬૭ થી નવી ટેક્નોલોજી અપનાવીને સરકારે હરિયાળી ક્રાંતિ દ્વારા અનાજના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો પ્રાપ્ત કર્યો છે . કટોકટીના સંજોગોમાં સરકારે અનાજની આયાત કરવાની છૂટ આપી છે . અનાજની આયાત પરનાં નિયંત્રણો દૂર ક્યાં છે અને આયાત જકાતો ઘટાડી છે .

( ૪ ) જાહેર વિતરણ વ્યવસ્થા : દૂરદૂરના ગ્રામીણ વિસ્તારોમાં પણ જાહેર વિતરણ વ્યવસ્થા વિસ્તારવામ આવી છે . વાજબી ભાવે વસ્તુઓ પૂરી પાડતી લગભગ ચાર લાખ દુકાનો છે , જે ૫૦ કરોડ જેટલી વસ્તીને ઘઉં ચોખા , ખાદ્યતેલ , ખાંડ , કેરોસીન જેવી જરૂરી વસ્તુઓ ઓછા ભાવે નિશ્ચિત પ્રમાણમાં પૂરી પાડે છે . ઉત્તરસાર in છે ? તાં મારા ઘટાડે એવાં પગલાં લીધાં છે તો કેટલાંક પુરવઠો